Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसण मूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થીતા

વાત્સલ્ય

દેવગુરુધર્મની સેવા

| વર્ષ : ૨૧ | 卐 તંત્રી 卐 | વીર સં. |
|---|---|---|
| અંક : ૯ | જગજીવન બાવચંદ દોશી | ૨૪૯૦ |
| ૨૪૯ | | અષાઢ |





[ સમ્મેદશિખરજી તીર્થની તળેટી–મધુવનના જિનમંદિરમાં વિરાજમાન ચોવીસ ભગવંતોની હારમાળાનો એક ભાગ ચિત્રમાં દેખાય છે....ને યાત્રા–ભક્તિના મધુરા સ્મરણો જાગે છે....જાણે ફરીને એ નાથને નીહાળવા જઈએ: ]

# ન....વું....પ્ર....કા....શ....ન....

## મોક્ષશાસ્ત્ર ( તત્ત્વાર્થસૂત્ર ) ત્રીજી આવૃત્તિ

આદ્ય સૂત્રકાર શ્રી ગૃદ્ધપિચ્છ-ઊમાસ્વામી વિરચિત તત્ત્વાર્થસૂત્ર જૈન ધર્મમાં મહાન પ્રસિદ્ધ શાસ્ત્ર છે જેની ઉપર શ્રી પુજ્યપાદાચાર્ય, શ્રી અકલંકદેવ, શ્રી વિદ્યાનંદસ્વામીએ ૧૮ થી ૨૦ હજાર શ્લોક પ્રમાણ ટીકા કરી છે, ત્યાર બાદ પણ ઘણા ટીકા ગ્રંથ રચાયા છે. આ ગ્રન્થમાં અસાધારણ શ્રમદ્વારા અનેક ટીકાનો સાર સંગ્રહરૂપે છે. સર્વજ્ઞ વીતરાગ કથિત તત્ત્વાર્થોનું સમ્યગ્દર્શનાદિનું નિરુપણ સુગમ અને સ્પષ્ટ શૈલીથી છે. સમ્યક્ અનેકાન્ત-એકાન્ત, નયાર્થ, પ્રમાણ અને નય વિભાગ દ્વારા સુસંગત શાસ્ત્રાધાર સહિત પ્રશ્નોતર, લગભગ ૭૫ પાના જેટલા નવા શાસ્ત્રાધાર ઉમેરાયા છે. જેમાં પ્રયોજનભૂત વિવેચન તથા વિસ્તારથી પ્રસ્તાવના છે. શાસ્ત્ર મહત્વપૂર્ણ હોવાથી તત્ત્વ જિજ્ઞાસુઓએ વારંવાર વાંચવા યોગ્ય છે.

પૃ. સંખ્યા-૯૦૦, મૂલ્ય ૪-૦૦, પોષ્ટેજ ૨-૨૫

## : 卐 : લઘુ જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા : 卐 :

હિન્દીમાં ૧૮૦૦૦ બુક વેચાઇ ગઇ તે સમાજમાં જિજ્ઞાસાનું માપ છે. ઘણા ભાઈઓની માંગ હોવાથી તેને જ ગુજરાતીમાં છપાવી છે. શાસ્ત્રાધાર સહિત અતી સંક્ષેપમાં ખાસ પ્રયોજનભૂત તત્ત્વજ્ઞાનના પાયાની જાણકારી માટે આ પ્રવેશિકા છે. જૈન-જૈનેતર સર્વ જિજ્ઞાસુઓમાં નિઃસંકોચ વહેંચવા યોગ્ય છે, ઈંગ્લીશ ભાષામાં પણ છપાવવા યોગ્ય છે. જેમાં અત્યંત સ્પષ્ટ શૈલીથી મૂળભૂત જરુરી વાતોનું જ્ઞાન કરાવવામાં આવ્યું છે.

પૃ. ૧૦૮, મૂલ્ય ૦-૩૫, પોષ્ટેજ ૦-૧૦

( બ્ર ગુલાબચંદ જૈન )




# હૈ ધન્ય ધન્ય વે નિર્મોહી

## [ સમકિતીની સ્તુતિ ]

卐

દુનિયામેં રહે ચાહે દુર રહે જો ખુદમેં સમાયે રહતે હૈ,
સબ કામ જગત કે કિયા કરે, નહીં પ્યાર કિસીસે કરતે હૈ. ૧

વહ ચક્રવર્તી પદ ભોગ કરે પર ભોગમેં લીન નહીં હોતે.
વહ જલમેં કમલ કી ભાંતિ સદા ઘરવાસ બસાયે રહતે હૈ. ૨

કભી નર્કવેદના સહતે પર મગન રહેં નિજ આતમ મેં,
સ્વર્ગ સંપદા પાકર કે ભી રુચિ હટાયે રહતે હૈ.... ૩

નહીં કર્મ કે કર્તા બનતે હૈ સ્વામીત્વ ન પરમેં ધરતે હૈ...
નહીં દુઃખમેં દુઃખી સુખમેં સુખી સમભાવ ધરાયે રહતૈ હૈ....૪

વહ સપ્ત ભયસે રહિત સદા, વે સરધાસેં ન કભી ડિગતે,
જિનવરનંદન કેલી સદા વહ નિજઆનંદ મેં કરતે હૈ.... ૫

હૈ ધન્ય ધન્ય વે નિર્મોહી જિન શાંતદશા હૈ પ્રગટાઇ;
શિવરામ ચરણ મેં ઉનકો સદા હમ શિષ ઝુકાયે રહતે હૈ...૬

卐

# જીવના પાંચ ભાવોનો પરિચય

જીવના પાંચ ખાસ ભાવો છે. અને પોતાના ઉપશમાદિ સર્વે ભાવોનો કર્તા જીવ પોતે જ છે. પુદ્‌ગલકર્મની ઉદયાદિ સર્વ અવસ્થાનું કર્તા તે પુદ્‌ગલકર્મ જ સ્વયં છે. જીવના પાંચ ભાવો સંબંધી સુંદર વિવેચન પ્રવચનમાં આવેલું; જે વિવિધ પ્રકારો જાણતાં જિજ્ઞાસુને જ્ઞાનનો ઉલ્લાસ થાય છે. તે પાંચ ભાવોનો પરિચય ઉપયોગી હોવાથી અહીં તે સંબંધી ૬૧ પ્રશ્નો આપવામાં આવ્યા છે. આ અંકમાં માત્ર પ્રશ્નો જ આપીએ છીએ, તેના ઉત્તર આવતા અંકમાં આપીશું; જેથી જિજ્ઞાસુ પાઠકોને સ્વયં વિચારવાનો અવકાશ રહે.

(૧) જીવના ખાસ પાંચ ભાવો છે. તે કયા કયા?

(૨) ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધીમાં હોય તે કયો ભાવ?

(૩) ચોથાથી ૧૧ મા ગુણસ્થાન સુધીમાં હોય તે કયો ભાવ?

(૪) પહેલેથી ૧૪ મા ગુણસ્થાન સુધી હોય તે કયો ભાવ?

(૫) પહેલેથી બારમા ગુણસ્થાન સુધી હોય તે કયો ભાવ?

(૬) સંસારી અને સિદ્ધ બધાયમાં હોય–તે કયો ભાવ?

(૭) સિદ્ધમાં ન હોય–તે કયો ભાવ?

(૮) સંસારીમાં ન હોય–તે કયો ભાવ?

(૯) બધાય સંસારી જીવોમાં હોય–તે કયો ભાવ?

(૧૦) સંસારમાં સૌથી ઝાઝા જીવોને હોય તે કયો ભાવ?

(૧૧) સંસારમાં સૌથી ઓછા જીવને હોય તે કયો ભાવ?

(૧૨) બધાય છદ્મસ્થ જીવોને હોય–તે કયો ભાવ?

(૧૩) જ્ઞાનપર્યાયમાં લાગુ ન પડે તે કયો ભાવ?
(૧૪) ધર્મની પહેલી શરૂઆત થાય ત્યારે કયા ભાવો હોય?
(૧૫) દેવગતિમાં કયા કયા ભાવો હોય શકે?
(૧૬) મનુષ્યગતિમાં કયા કયા ભાવો હોઇ શકે?
(૧૭) નરકગતિમાં કયા કયા ભાવો હોઇ શકે?
(૧૮) તિર્યંચગતિમાં કયા કયા ભાવો હોઇ શકે?
(૧૯) શ્રદ્ધાનો ક્ષાયકભાવ કયા ગુણસ્થાને હોય?
(૨૦) જ્ઞાનનો ક્ષાયકભાવ કયા ગુણસ્થાને હોય?
(૨૧) ચારિત્રનો ક્ષાયકભાવ કયા ગુણસ્થાને હોય?
(૨૨) પાંચમાંથી સૌથી ઓછા ભાવો કયા જીવને હોય?
(૨૩) એક સાથે પાંચે ભાવો કયા જીવને લાગુ પડે છે?
(૨૪) પંદરમું સ્થાન કયું?
(૨૫) ઉપશમ સમકિતીને ક્ષપકશ્રેણી હોય?
(૨૬) ક્ષાયક સમકિતીને ઉપશમશ્રેણી હોય?
(૨૭) ક્ષપકશ્રેણીવાળો જીવ સ્વર્ગમાં જાય?
(૨૮) ઉપશમશ્રેણીવાળો જીવ સ્વર્ગમાં જાય?
(૨૯) મનઃપર્યય તે કયો ભાવ?
(૩૦) કેવળજ્ઞાન તે કયો ભાવ?
(૩૧) સમ્યગ્દર્શન તે કયો ભાવ?
(૩૨) વીતરાગતા તે કયો ભાવ?
(૩૩) અત્યારે ભરતક્ષેત્રના જીવને કયા કયા ભાવો હોય?
(૩૪) આઠ કર્મમાંથી ઉદય કેટલામાં હોય?
(૩૫) આ કર્મમાંથી ક્ષય કેટલામાં હોય?
(૩૬) આઠ કર્મમાંથી ઉપશમ કેટલાનો હોય?
(૩૭) આઠ કર્મમાંથી ક્ષયોપશમ કેટલાનો હોય?
(૩૮) અનાદિઅનંત ભાવ કયો?
(૩૯) સાદિઅનંત ભાવ કયો?
(૪૦) અનાદિ સાંત ભાવ કયો?
(૪૧) સાદિ–સાંત ભાવ કયો?

(૪૨) ધર્મી ન હોય તે જીવને કયા ભાવો હોય?

(૪૩) ધર્માત્માને કયા ભાવો હોય?

(૪૪) કુંદકુંદાચાર્યને કયા ભાવો હશે?

(૪૫) ભરતક્ષેત્રના ધર્માત્માને અત્યારે કયા ભાવો હોય?

(૪૬) વિદેહક્ષેત્રના ધર્માત્માને કયા ભાવો હોય?

(૪૭) ૧૪ મા ગુણસ્થાને કયા ભાવો હોય?

(૪૮) ૧૩ મા ગુણસ્થાને કયા ભાવો હોય?

(૪૯) ૧૨ મા ગુણસ્થાને કયા ભાવો હોય?

(૫૦) ૧૧ મા ગુણસ્થાને કયા ભાવો હોય?

(૫૧) પહેલા ગુણસ્થાને હોય ને ૧૪ મા ગુણસ્થાને ન હોય-એ કયો ભાવ?

(૫૨) પહેલા ગુણસ્થાને હોય ને ૧૪ મા ગુણસ્થાને પણ હોય-એ કયો ભાવ?

(૫૩) પહેલા ગુણસ્થાને ન હોય ને ૧૪ મા ગુણસ્થાને પણ ન હોય-એ કયો ભાવ?

(૫૪) સંસાર દશામાં સળંગ રહેનાર ભાવ કયો?

(૫૫) આવ્યા પછી કદી જાય નહિ-એ કયો ભાવ?

(૫૬) જ્ઞાનનો ક્ષાયકભાવ કઇ ગતિમાં હોય?

(૫૭) શ્રદ્ધાનો ક્ષાયકભાવ કઇ ગતિમાં હોય?

(૫૮) ચારિત્રનો ક્ષાયકભાવ કઇ ગતિમાં હોય?

(૫૯) શ્રદ્ધાનો ક્ષયોપશમભાવ કઇ ગતિમાં હોય?

(૬૦) જ્ઞાનનો ક્ષયોપશમભાવ કઇ ગતિમાં હોય?

(૬૧) જ્ઞાનનો ક્ષયોપશમ ન હોય-એમ ક્યારે બને?

(૬૨) એકવાર નાશ પામ્યા પછી ફરી આવી શકે-એ કયો ભાવ?

(૬૩) એકવાર નાશ પામ્યા પછી ફરી કદી ન આવે એવા બે ભાવ કયા?

(૬૪) રાગ તે કયો ભાવ?

(૬૫) મતિજ્ઞાન તે કયો ભાવ?

(૬૬) મોક્ષ તે કયો ભાવ?

(૬૭) મતિજ્ઞાનાવરણનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે કયું જ્ઞાન પ્રગટે?

( ૬૮ ) ઉપશમભાવના કેટલા પ્રકારો ?

( ૬૯ ) ક્ષાયકભાવના કેટલા પ્રકારો ?

( ૭૦ ) ક્ષયોપશમભાવના કેટલા પ્રકારો ?

( ૭૧ ) ઉદયભાવના કેટલા પ્રકારો ?

( ૭૨ ) ઉદયભાવની સાથે સદા હોય જ–એ કયો ભાવ ?

( ૭૩ ) ચોથા ગુણસ્થાનની પહેલાં ન હોય–તે કયા ભાવ ?

( ૭૪ ) અગિયારમા ગુણસ્થાન પછી ન હોય તે કયો ભાવ ?

( ૭૫ ) ૧૨ મા ગુણસ્થાન પછી ન હોય તે કયો ભાવ ?

( ૭૬ ) ૧ લા ગુણસ્થાને હોય ને ૧૩ મા ગુણસ્થાને ન હોય તે કયો ભાવ ?

( ૭૭ ) સંસારદશામાં જીવને કયો ભાવ સૌથી ઓછો કાળ રહે ?

( ૭૮ ) સંસારદશામાં જીવને કયો ભાવ સૌથી વધુ કાળ રહે ?

( ૭૯ ) સાધકભાવના કારણરૂપ ભાવો કયા ?

( ૮૦ ) સાધકદશાની શરૂઆત કયા ભાવે ?

( ૮૧ ) સંસારદશાની પૂર્ણતા કયા ભાવે ?

( ૮૨ ) સંસારદશામાં સદાય નિયમથી સાથે જ હોય–એવા બે ભાવ કયા ?

( ૮૩ ) સીમંધરભગવાનને અત્યારે કયા કયા ભાવો છે ?

( ૮૪ ) મહાવીર ભગવાનને અત્યારે કયા કયા ભાવો છે ?

( ૮૫ ) સીમંધરભગવાનના ગણધરને અત્યારે કયા કયા ભાવો સંભવી શકે ?

( ૮૬ ) પાંચ ભાવોમાંથી બંધનું કારણ કયો ભાવ ?

( ૮૭ ) પાંચ ભાવોમાંથી મોક્ષનું કારણ કયા ભાવ ?

( ૮૮ ) બંધ–મોક્ષ વગરનો ભાવ કયો ?

( ૮૯ ) ઉદયભાવના ગુણસ્થાનો કયા કયા ?

( ૯૦ ) ઉપશમભાવના ગુણસ્થાનો કયા કયા ?

( ૯૧ ) ક્ષયોપશમભાવના ગુણસ્થાનો કયા કયા ?

( ૯૨ ) ક્ષાયકભાવના ગુણસ્થાનો કયા કયા ?

( ૯૩ ) ઉપશમભાવવાળા જીવો કેટલા ?

( ૯૪ ) સંસારમાં ઉપશમ કરતાં ક્ષાયકભાવવાળા–જીવો કેટલા ?

(૯૫) જગતમાં ઉપશમ કરતાં ક્ષાયકભાવવાળા જીવો કેટલા?

(૯૬) સંસારમાં ક્ષયોપશમસમકિતી વધારે કે ક્ષાયકસમકિતી?

(૯૭) સીમંધરનાથમાં ન હોય ને આપણામાં હોય તે કયો ભાવ?

(૯૮) સીમંધરનાથમાં હોય ને આપણામાં અત્યારે ન હોય તે કયો ભાવ?

(૯૯) સીમંધરનાથમાં હોય ને આપણામાંય હોય–તે કયો ભાવ?

(૧૦૦) કેવળજ્ઞાન થાય ત્યારે કયો ભાવ આત્મામાંથી ઓછો થાય?

(૧૦૧) એકજીવ અરિહંતમાંથી સિદ્ધ થયો ત્યારે કયો ભાવ તેનામાંથી ઓછો થાય?

[જવાબો માટે આવતો અંક જુઓ]

◎◎◎◎◎

# વૈરાગ્ય–અમૃત

અનંતકાળમાં સંયોગ–વિયોગના અનેક પ્રસંગો જીવને બન્યા છે. ઘણા જીવો સાથે પોતે સંબંધ બાંધીને સૌને પોતે છોડીને આવ્યો છે, ઘણા જીવોએ પોતાને છોડયો છે; એમ અનંતકાળમાં ઘણાને પોતે છોડયા છે ને બીજા જીવોએ પોતાને છોડયો છે. માત્ર આ જન્મના રાગને લઇને જીવને દુઃખ થાય છે. ખરેખર સંસારમાં કોઇ કોઇનું નથી. આ સંસારમાં સારભૂત હોય તો જ્ઞાયક આત્મા અને પંચપરમેષ્ઠી ભગવાન છે. સાચું શરણ આત્માનું અને પંચ પરમેષ્ઠી ભગવાનનું છે.

# સૌથી પહેલું કામ

જે પોતાના હિતનો વાંછક હોય તેણે સૌથી પહેલાં તત્ત્વનિર્ણયરૂપ કાર્ય કરવું યોગ્ય છે. 'ચિદ્રૂપ-જ્ઞાનાનંદ-સ્વરૂપ હું છું, એનાથી ભિન્ન બીજા કોઈ ભાવો કે દ્રવ્યો તે મારું સ્વરૂપ નથી'-આવો તત્ત્વનિર્ણય સ્વાધીનપણે થઇ શકે છે, તેને માટે કોઈ બીજાની આધીનતા કરવી પડતી નથી; અને તે તત્ત્વનિર્ણયનું ફળ મહાન છે.

આવી મનુષ્યપર્યાય પામીને પણ જેઓ તત્ત્વનિર્ણયની દરકાર નથી કરતા તેમને હજી ભવભ્રમણનો ભય નથી લાગ્યો....દુર્લભ મનુષ્યપણામાં મળેલી બુદ્ધિ તેઓ વ્યર્થ ગુમાવી રહ્યા છે. ડાહ્યા પુરુષોએ પોતાની બુદ્ધિ તત્ત્વનિર્ણયમાં જોડવાયોગ્ય છે. બીજું કાર્ય આવડે કે ન આવડે પણ ચૈતન્યતત્ત્વના નિર્ણયનું કાર્ય તો સર્વ ઉદ્યમથી અવશ્ય કરવા યોગ્ય છે.

# શિવપુરીનો પથિક

હે શિવપુરીના પથિક! એટલે કે મોક્ષના ઇચ્છક! પ્રથમ તું સમ્યગ્દર્શનાદિ ભાવને જાણ. એ ભાવરહિત એકલા દ્રવ્યલીંગથી શું સિદ્ધિ છે?-કાંઇ સિદ્ધિ નથી. માટે સમ્યગ્દર્શનાદિ શુદ્ધ ભાવોને જ મોક્ષનું કારણ જાણીને તેની પ્રાપ્તિનો ઉદ્યમ કર. મોક્ષપુરીનો પંથ શ્રી જિનેન્દ્રદેવે પ્રયત્નસાધ્ય કહ્યો છે...માટે સર્વ પ્રયત્નને તું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જોડ.

આચાર્ય ભગવાન પ્રેમથી મોક્ષમાર્ગનો ઉત્સાહ જગાડતાં કહે છે કેઃ હે સત્ સમજવાની જિજ્ઞાસાવાળા સત્પુરુષ! તું સાંભળ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ભાવ તે જ મોક્ષનો માર્ગ છે. તેને ભૂલીને તેં અત્યારસુધી મિથ્યાત્વ આદિ ભાવોનું જ સેવન કર્યું છે. સમ્યક્ત્વ આદિ ભાવોને તેં એક પળ પણ સેવ્યા નથી...માટે હવે તો તેની ભાવના કર.

રત્નત્રય-ભાવના તારી નૌકાને શિવપુરીમાં પહોંચાડી દેશે.

("રત્નસંગ્રહ"માંથી : છપાય છે.)

卐

# તત્ત્વનિર્ણયનો અવસર

હે જીવ! તારે જો તારું ભલું કરવું છે તો સર્વજ્ઞનો અને સર્વજ્ઞના કહેલાં તત્ત્વોનો નિર્ણય કર; કેમકે તત્ત્વનિર્ણય તે જ સર્વ સુખનું મૂળ કારણ છે. તારી બુદ્ધિ બીજી અત્યંત નકામી વાતોનો નિર્ણય કરવામાં તો પ્રવર્તે છે, અને, આત્મહિતના મૂળ આધાર અર્હંતદેવ તથા તેમણે કહેલાં તત્ત્વો, તેના નિર્ણયમાં તારી બુદ્ધિ પ્રવર્તતી નથી!–એ મોટું આશ્ચર્ય છે.

આત્મહિતને માટે તત્ત્વનિર્ણય કરવા જેટલું જ્ઞાન તો તને પ્રાપ્ત થયું છે, માટે હે જીવ! તું આ અવસરને વૃથા ન ગુમાવ. આળસ, માન વગેરે છોડીને ઉદ્યમપૂર્વક તારા આત્માને તત્ત્વનિર્ણયમાં લગાવ. આત્માનું સ્વરૂપ શું, હેય–ઉપાદેય તત્ત્વો કયા? પદ શું, અપદ શું? સર્વજ્ઞનું સ્વરૂપ શું?–ઇત્યાદિ તત્ત્વોનો યથાર્થ નિર્ણય તે સર્વ મનોરથની સિદ્ધિનો ઉપાય છે; અને તેનો આ અવસર છે. માટે જે પ્રકારે તેની સિદ્ધિ થાય તે પ્રથમ કર, એવી શ્રી ગુરુની શિક્ષા છે.

◎◎◎◎

# સાચો જૈન

હે જીવ! જો તારે સાચો જૈન થવું હોય તો જિનેન્દ્ર ભગવાને કહેલાં તત્ત્વોનો નિર્ણય કર. જીવ અને અજીવ વગેરે તત્ત્વોનું વાસ્તવિક સ્વરૂપ શું છે તેના નિર્ણય વગર સાચું જૈનત્વ હોતું નથી, અને ધર્મ માટેનાં તેના બધા કાર્યો (વૈરાગ્ય, તપ, ધ્યાન વગેરે) પણ અસત્ય હોય છે. માટે, આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરંપરા ગુરુઓનો ઉપદેશ અને સ્વાનુભવ દ્વારા તત્ત્વનિર્ણય કરવો યોગ્ય છે. ભલે બીજું જ્ઞાન અલ્પ હોય તોપણ, પોતાના હિત માટે મોક્ષમાર્ગના પ્રયોજનભૂત તત્ત્વોનો નિર્ણય તો અવશ્ય કરો.

આ કાળે બુદ્ધિ થોડી, આયુ થોડું, સત્ સમાગમ દુર્લભ–તેમાં હે જીવ! તારે એ જ શીખવા યોગ્ય છે કે જેનાથી તારું હિત થાય,...ને જન્મ–મરણ મટે.

યથાર્થ તત્ત્વનિર્ણય તે જિનત્વની પહેલી સીડી છે; માટે તત્ત્વનિર્ણય કરીને સાચો જૈન થા.

(તુરતમાં પ્રગટ થનાર “રત્નસંગ્રહ”માંથી)

# સ....મ....ય....સા....ર

## [ બાર વર્ષ પહેલાંની વૈશાખ વદ ૮ નું પ્રવચન ]

[ હે સમયસાર! તારા ગૂઢ ગંભીર રહસ્યોને મારા અંતરમાં પરિણમાવીને મને સહજ શાંતિનું પાન કરાવ. ]

આજે સમયસારનો દિવસ છે. સ્વાધ્યાયમંદિરમાં શ્રી સમયસારજીની પ્રતિષ્ઠાને (આ ૨૦૨૦ની સાલમાં) ૨૬ વર્ષ પૂરાં થઇને ૨૭મું વર્ષ બેઠું. સમયસાર તે કુંદકુંદાચાર્યદેવે રચેલું, અલૌકિક, જૈન દર્શનના મર્મરૂપ શાસ્ત્ર છે. લગભગ સંવત્ ૪૯માં કુંદકુંદાચાર્ય થયા, તેઓ દિગંબર સંત હતા, છઠ્ઠા–સાતમા ગુણસ્થાનની દશા અંતરમાં પ્રગટી હતી, તે પંચપરમેષ્ઠીમાં ભળ્યા હતા. તેઓ ભગવાન સીમંધર પરમાત્મા પાસે મહાવિદેહમાં ગયા હતા. તેમને ભગવાનનો વિરહ પડયો. અરેરે! વીર પરમાત્માની હાજરી નહિ, સાક્ષાત્ તીર્થંકરનો યોગ નહિ. સીમંધર પરમાત્મા યાદ આવ્યા. તેઓ અહીંના આચાર્ય હતા. તે વખતના શાસનમાં તેઓ મુખ્ય આચાર્ય હતા. એક વખત તેમને તીર્થંકરોના વિરહનો પરિતાપ થયો અને...

**રે! રે! સીમંધર નાથના વિરહા પડયા આ ભરતમાં...**

એવા વિચારની શ્રેણીમાં ચડયા ત્યાં મહાવિદેહમાં જવાનો યોગ બન્યો. અત્યારે મહાવિદેહમાં જે સીમંધર પરમાત્મા બિરાજે છે તે જ સીમંધર પરમાત્મા તે વખતે બિરાજતા હતા. ત્યાં કુંદકુંદ પ્રભુ ગયા અને આઠ દિવસ ભગવાનની વાણી સાંભળી; ત્યાં જ્ઞાનની નિર્મળતા ઘણી વધી ગઇ. ત્યાં આઠ દિવસ રહીને પાછા ભરતે પધાર્યા, ત્યાર પછી સમયસારાદિ મહાન પરમાગમો રચ્યાં....સાક્ષાત્ આત્માનો અનુભવ, પ્રત્યક્ષ ભગવાનનો ભેટો અને મુનિદશાના ચારિત્રમાં ઝૂલતાં ઝૂલતાં તેમણે આ અલૌકિક શાસ્ત્રો રચ્યાં છે. અનંતકાળથી તત્ત્વ સમજવું રહી ગયું છે તે આમાં સમજાવ્યું છે. બીજાં ઘણાં શાસ્ત્રોમાં તેવું રહસ્ય રહેલું છે, પણ સમયસાર તો તેમાં સર્વોત્કૃષ્ટ છે.

અહો! આવું અલૌકિક સર્વોત્કૃષ્ટ શાસ્ત્ર આ સમયસાર છે. તેની પ્રતિષ્ઠાનો આજે દિવસ છે. તેના માંગલિકમાં કહે છે કે–

**नमः समयसाराय स्वानुभूत्या चकासते ।**
**चित्स्वभावाय भावाय सर्वभावांतरच्छिदे।।**

અહો! આત્માની શાંતિના પંથે વિચરનારા આત્માઓને માંગલિક એવો આ શ્લોક છે. અપ્રતિહત ભાવે શુદ્ધાત્માને નમસ્કાર છે. આચાર્યદેવ પોતે સાધક છે, સ્વર્ગમાં જઇ ત્યાંથી મનુષ્ય થઇ મુક્તિ પામવાના છે, તેમણે આ અપ્રતિહત માંગલિક કર્યું છે.

અહો! ચૈતન્યનું કેવું સ્વરૂપ વર્ણવે છે? હું સમયસારને નમસ્કાર કરું છું. સમયસાર એટલે શુદ્ધ આત્મા! જડકર્મ ને ભાવકર્મથી રહિત જેનું સ્વરૂપ છે એવા શુદ્ધ આત્માને હું નમસ્કાર કરું છું. અત્યારે આત્માનું એવું શુદ્ધ સ્વરૂપ છે તેને ઓળખીને તેનો જ આદર કરું છું, તે સિવાય બીજાને આદરતો નથી. શરીર, જડકર્મ કે સંસાર તેનાથી આત્મા રહિત છે. અત્યારે પણ શુદ્ધ સ્વભાવની દ્રષ્ટિએ આત્મામાં શરીર–જડકર્મ કે સંસાર નથી. એક સમયની પર્યાયમાં જે વિકાર છે તે ત્રિકાળી આત્માનું સ્વરૂપ નથી. આવા શુદ્ધ આત્માને નમસ્કાર કરવા–તેની રુચિ–જ્ઞાન કરીને તેમાં એકાગ્ર થવું તે માંગળિક છે. ત્રિકાળી ચૈતન્ય સ્વરૂપને જ્ઞાનમાં લઇને, એક સમયના સંસારને ‘અછતો’ કરે છે અને અનાદિથી જે સ્વભાવ સત્ છે, પણ જે અનાદિથી શ્રદ્ધામાં લીધો ન હતો તેને શ્રદ્ધામાં લઇને નમસ્કાર કરે છે.

જુઓ સમયસાર એટલે શુદ્ધ આત્મા! તે આત્મા સંસાર રહિત છે. ને શરીર, કર્મ તો પર પદાર્થ છે. આવા શુદ્ધ આત્માને લક્ષમાં લઇને તેની રુચિ અને તેને નમસ્કાર કરવા. હું એક આત્મા છું, હું સિદ્ધ થવા માટે નીકળ્યો છું, મારા આત્મામાં સંસાર નથી–આમ કોણ કહે? આત્માના શુદ્ધ સ્વભાવને દ્રષ્ટિમાં લીધો છે તે જીવ કહે છે કે મારા સ્વરૂપમાં સંસાર નથી, કર્મ વગેરે નથી. એક સમયનો વિકાર તે હું નથી. પર્યાયમાં તે હોવા છતાં તેને સ્વભાવદ્રષ્ટિમાં અછતો કરે છે. જ્યાં ચૈતન્ય ભગવાન પોતાનું માંગલિક કરવા ઊઠયો ત્યાં તે કહે છે કે જે સંસારને હું ટાળવા માગું છું તે મારા સ્વરૂપમાં નથી. જો સંસાર પોતાના સ્વરૂપમાં હોય તો ટળે નહિ. સંસાર ક્યાં છે? વિકારી પર્યાયમાં સંસાર છે, પણ બહારમાં સંસાર નથી, ને સ્વભાવમાં પણ સંસાર નથી. પર વસ્તુ તો આત્માના સ્વભાવમાં નથી. પણ પરની મમતા કરે છે તે જ સંસાર છે, ને સ્વભાવની દ્રષ્ટિમાં તે સંસારનો પણ અભાવ છે.

મારો સંસાર પરમાં નથી, ને સંસાર મારો સ્વભાવ નથી. હું આનંદકંદસ્વભાવ છું ને સંસાર હું નથી. જેને સંસાર દુઃખદાયક લાગ્યો હોય ને તેને ટાળીને મુક્ત થવાની જિજ્ઞાસા હોય તે એમ વિચારે છે કે અહો! હું શુદ્ધ આત્મા છું. ક્ષણિક મમત્વની લાગણી તે ત્રિકાળ ચૈતન્યતત્ત્વમાં નથી. ત્રિકાળ શુદ્ધસ્વભાવને ચૂકીને પર તે હું એવી માન્યતા તે સંસાર છે. જે સંસારને પોતાનું સ્વરૂપ માને તે તેનાથી કેમ છૂટે? માટે

પહેલાં સ્વભાવની દૃષ્ટિથી સંસારનો અભાવ કરે છે. જાુઓ, આ મંગળિકમાં મુક્તિના ગોળધાણા વેંચાય છે કે પહેલે જ ધડાકે એમ નક્કી કર કે હું ત્રિકાળ ચૈતન્યતત્ત્વ છું. મારી ત્રિકાળ ચીજમાં સંસાર નથી. પર્યાયમાં રાગાદિ હોવા છતાં તે મારા સ્વરૂપની ચીજ નથી. અહો! હું મારા જ્ઞાનાનંદ સમયસાર ભગવાનને નમું છું, શરીરાદિને કે વિકારને નમતો નથી. મારો આત્મા નોકર્મથી ભિન્ન છે, જડકર્મથી તેમજ વિકારથી પણ રહિત એવા મારા ચૈતન્યભગવાન સમયસારને જ હું નમું છું-એમ ધર્મીની દૃષ્ટિનું મુખ્ય વલણ શુદ્ધ સ્વભાવમાં રહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ આવે પણ તે વખતે સ્વભાવની દૃષ્ટિ છૂટતી નથી. આચાર્ય ભગવાન મંગળિકમાં કહે છે કે અરે જીવો! જો તમને સંસાર દુઃખરૂપ લાગતો હોય ને તે ટાળીને પરમાનંદ મુક્તદશા પ્રાપ્ત કરવી હોય તો પહેલાં આવા સ્વભાવને નક્કી કરો. અનાદિથી બહારમાં ઢળતો ને વિકારનો તથા પરનો વિનય કરીને ત્યાંજ નમતો તેને બદલે હવે અંતરમાં ઢળું છું કે અહો! હું ચિદાનંદ આત્મા છું, હવે હું મારા અંતરસ્વરૂપમાં ઢળીને તેને જ નમું છું, હવે હું પરનો વિનય છોડીને ચૈતન્યનો વિનય કરું છું. જાુઓ, આમ ચૈતન્યને ઓળખીને તેનો મહિમા અને વિનય કરવો તે ધર્મનું મહા માંગળિક છે.

જેને પર ચીજ માં સંતોષ છે, સંસારમાં સુખ લાગે છે-તેવા જીવની તો વાત નથી. જેને આખો સંસાર દુઃખરૂપ લાગ્યો છે તેને કહે છે કે તું રાગનો સત્કાર છોડીને ચૈતન્યનો સત્કાર કર, ચૈતન્યની રુચિ કરીને તેમાં નમ્યો તેણે માંગળિક કર્યું.

જાુઓ સમયસારનું આ અલૌકિક મંગળ થાય છે. મંગળિકની શરૂઆત ક્યાંથી થાય છે? કે કોઇ પણ પરપદાર્થથી મને લાભ છે એવી મિથ્યા બુદ્ધિમાં જે પરનો આદર કરે છે, તેને છોડીને ચિદાનંદ સ્વભાવ જ મને લાભદાયક છે એમ રુચિ-મહિમા કરીને તેમાં નમવું-ઢળવું-પરિણમવું તે અપૂર્વ મંગળિક છે. જ્યાં આવા સ્વભાવ તરફના સત્કારનો ભાવ પ્રગટયો ત્યાં વચ્ચે શુભરાગ આવતાં દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના સત્કારનો ભાવ આવ્યા વિના રહેતો નથી. સ્વભાવનું સન્માન છોડીને એકલા પરના જ સન્માનમાં જે અટકયો તેને તો વસ્તુનું ભાન નથી.

અહો! અનાદિથી મેં મારા સ્વભાવનો સત્કાર છોડીને પુણ્ય-પાપનો ને પરનો સત્કાર કર્યો, તેને બદલે હવે હું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો જ સત્કાર કરીને તેમાં નમું છું-તેમાં વલણ કરું છું. આમ જે અંતરમાં વળ્યો તેને પરના સત્કાર-બહુમાનનો ભાવ સ્વભાવને ચૂકીને ન આવે.

સમયસાર તો પોતાનો શુદ્ધ આત્મા છે. સર્વજ્ઞ ભગવાને એક સમયના વિકાર વગરનો જે ત્રિકાળ શુદ્ધ સ્વભાવ જોયો છે તેનું નામ 'સમયસાર' છે. તે સમયસાર કેવો

છે! કે જગતમાં સત્‌ભાવરૂપ પદાર્થ છે, સ્વભાવભૂત વસ્તુ છે, અભાવરૂપ નથી. જુઓ, પોતાને આવા ચૈતન્ય તરફ વાળીને આચાર્યદેવ મંગલિક કરે છે.

'ભાવ' છે એટલે કે શુદ્ધ આત્મા સદા 'છતો' પદાર્થ છે, તેમાં સંસાર અભાવરૂપ છે. ચૈતન્ય ભગવાનમાં પરનો અભાવ છે. ચૈતન્યપણે પોતે ભાવરૂપ છે. આવા ભાવરૂપ શુદ્ધ આત્માને આદરવો તેનું નામ ધર્મ છે.

દરેક આત્મા આવા શુદ્ધ સ્વભાવે ત્રિકાળ છે, શુદ્ધ સત્તારૂપ છે, પર્યાયમાં એક સમયનો વિકાર છે તે સ્વભાવમાં અસત્ છે. આવા શુદ્ધ સ્વભાવને બતાવીને સંતો જગતને કહે છે કે અરે જીવો! જે પંથે અમે જઈ રહ્યા છીએ તે પંથ આ રહ્યો.

શ્રી પ્રવચનસારમાં આચાર્યદેવ કહે છેઃ-જે જીવ દુઃખથી મુક્ત થવાનો અર્થી હોય તે વિશુદ્ધ જ્ઞાનદર્શનપ્રધાન શ્રામણ્યને અંગીકૃત કરો....તેને અંગીકાર કરવાનો જે યથાનુભૂત માર્ગ તેના પ્રણેતા અમે આ ઊભા. તેમ સમયસારમાં આચાર્યદેવ કહે છે કે હે જીવો! છઠ્ઠા સાતમા ગુણસ્થાને શુદ્ધઆત્માના અનુભવની દશા કેવી હોય તેવી દશા જો તમારે પ્રગટ કરવી હોય તો તેના પ્રણેતા અમે આ પ્રત્યક્ષ રહ્યા! અમે અમારા આત્મામાં શુદ્ધાત્માના અનુભવની એવી દશા પ્રગટ કરીને જગતને કહીએ છીએ કે અહો! શુદ્ધ સ્વભાવની દશા પ્રગટ કરવી હોય તો તેનો ઉપાય આ જ છે. શુદ્ધસત્તાસ્વરૂપ આત્માની પ્રતીત કરો! તેનું બહુમાન કરીને તેમાં નમો.

પહેલેથી જ આવો સ્વભાવ નક્કી કરો.

બહારના પદાર્થોથી તો આત્મા ત્રિકાળ જુદો છે, ને પુણ્ય-પાપરૂપ જે એક સમયનો સંસાર તે પણ મારા સ્વરૂપમાં નથી. હું એક ચૈતન્યસત્તાસ્વરૂપ શુદ્ધવસ્તુ છું-આમ શુદ્ધઆત્માને પ્રતીતમાં લેવો. અંદર અંધારું દેખાય, બહારમાં જડ દેખાય-પણ ભાઈ! તે બન્નેને દેખનારો તું કોણ છો? તું અંદર ચૈતન્ય સત્તામય જાણનાર છે. અંધારાને દેખનારો પોતે અંધારારૂપે નથી, અંધારાને જાણનારો પોતે ચૈતન્યપ્રકાશરૂપ છો. અહો! આવી શુદ્ધ સત્તારૂપ ચૈતન્ય વસ્તુની અંતરમાં પ્રતીત કરો. પર્યાયબુદ્ધિ છોડીને શુદ્ધ વસ્તુને પ્રતીતમાં લ્યો.

દ્રવ્યથી શુદ્ધ સત્તારૂપ વસ્તુ છે (भावाय).
ગુણથી ચિત્ સ્વભાવવાળો છે (चित्स्वभावाय). અને
પર્યાયથી સર્વભાવોને જાણનારો છે
(सर्वभावांतरच्छिदे).

હું ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય સત્તારૂપ વસ્તુ છું. મારી પર્યાય સત્તાસ્વભાવમાંથી જ આવે છે, બહારમાંથી નથી આવતી–આમ નક્કી કરીને સ્વભાવમાં નમ્યો તે નમવાની નિર્મળ પર્યાય ક્યાંથી આવી ? કે જ્ઞાન સ્વભાવી વસ્તુમાંથી જ પરિણમતી–પરિણમતી તે દશા પ્રગટી છે. બહારમાંથી કે પુણ્ય–પાપમાંથી આવી નથી.

અફીણ કડવું ને લીંબુ ખાટું, પણ આત્મા કેવો ? કે આત્મા ચિત્સ્વભાવી વસ્તુ છે. દવાથી રોગ મટે ને પાણીથી તરસ મટે, ખોરાકથી ભૂખ ભાંગે ને કપડાંથી ટાઢ ટળે–એમ બધાના ગુણનો વિશ્વાસ કરે પણ આત્મા ચૈતન્ય સ્વભાવી વસ્તુ છે, તે બધાનો જાણનાર છે તેનાથી દુઃખ ટળે ને સુખ મળે,–એવો વિશ્વાસ કર્યો નથી. પણ સ્વભાવ સામર્થ્યનો વિશ્વાસ કરીને તેનો આદર કરવો, તેમાં નમવું–પરિણમવું તેનું નામ માંગળિક છે. બધાને જાણું એવો ગુણ મારામાં છે–એમ પોતાના ગુણનો વિશ્વાસ કરે તો સંસાર તરત મટી જાય, ને મોક્ષમાર્ગ પ્રગટી જાય.

અહો જે કુળમાં તીર્થંકરો જન્મ્યા તે જ કુળ આ આત્માનું છે. તીર્થંકરોમાં ને આત્માના સ્વભાવમાં પરમાર્થે કાંઇ ફેર નથી. ધર્મી કહે છે કે અહો ! હું મારા ધર્મમૂર્તિ આત્માની પ્રતીત કરીને તેનાં ગાણાં ગાવા ઊભો થયો, તેમાં હવે ભંગ પડશે નહિ. મારા સ્વભાવ સિવાય બીજા કોઇનો આદર કરું નહિ. આવી અમારા કુળની વટ છે. હે તીર્થંકરો ! તમે જે કુળમાં થયા તે જ કુળનો હું છું. જે વાટે તીર્થંકરો વિચર્યા તે જ પંથે અમે વિચરનારા છીએ. હે નાથ ! તારી ને મારી ચૈતન્યજાત એક જ છે. મેં પણ એવા શુદ્ધ ચૈતન્યને માન્યો છે અને તેનો જ આદર કરીને મોક્ષમાર્ગે ચાલ્યો આવું છું. મારા ચૈતન્યકુળની આવી રીત છે. હે નાથ ! ચિદાનંદસ્વભાવ પરિપૂર્ણ છે તે સિવાય બીજા કોઇના આશ્રયથી હવે લાભ માનું નહિ. અમે આત્મા છીએ, અમારો ચિત્સ્વભાવ છે, ગુણગુણી જુદા નથી. બન્ને ત્રિકાળ છે, તેમાંથી જ જ્ઞાનની પર્યાય ખીલે છે. જ્ઞાન બહારમાંથી નથી આવતું, પણ અંદર સ્વભાવ ભર્યો છે તેમાંથી જ તે પ્રગટે છે.

શુદ્ધઆત્મા પોતાની સ્વાનુભૂતિથી જ પ્રકાશમાન છે. પોતે અંતર્મુખ થઇને પોતાનો અનુભવ કર્યો એવી નિર્વિકારી ક્રિયાથી આત્મા પ્રકાશે છે. જુઓ, આ ધર્મની ક્રિયા છે. આવી ક્રિયાને જે માને નહિ તેને વસ્તુ જ સિદ્ધ થતી નથી. અહો! આત્મા પોતે પોતાથી જ પોતાને જાણે છે. શરીર, સમોસરણ ને તીર્થંકરોની હાજરી વખતે પણ તે કોઇના કારણે ભગવાન આત્મા પ્રકાશમાન થતો નથી, તે વખતે પણ પોતે પોતાના અંતરમાં સ્વાનુભવરૂપી ક્રિયાથી જ પ્રકાશમાન થાય છે.

જાુઓ, આજે આ સમયસારનો દિવસ હોવાથી સમયસારનું માંગલિક કર્યું. અંદરમાં ચૈતન્ય સ્વભાવની સન્મુખ થઈને નિર્વિકલ્પ અનુભવની જે ક્રિયા છે તેના વડે આત્મા પ્રગટ થાય છે. એ સિવાય બીજી કોઈ રીતે આત્મા પ્રગટ થતો નથી.

અંતર સ્વભાવની સ્વાનુભવરૂપી ક્રિયા વડે જ આત્માને ધર્મ થાય છે. સમ્યક્શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર તે ત્રણેય આત્માની સ્વાનુભવરૂપી ક્રિયાથી જ પ્રકાશમાન થાય છે. આ સમ્યક્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપ સ્વાનુભૂતિની ક્રિયા નારકી પણ કરી શકે છે. સ્વર્ગના દેવો ને તિર્યંચો પણ કરી શકે છે. આઠ વર્ષના બાળકોને પણ આવી સ્વાનુભુતિની ક્રિયા થાય છે. નરકમાં પડેલા અસંખ્ય નારકી જીવો દેહદ્રષ્ટિ છોડીને અંદરના ચિદાનંદ પરમાત્માને દ્રષ્ટિમાં લઈને આવી સ્વાનુભૂતિની ક્રિયા કરે છે. સમ્યગ્દ્રષ્ટિ દેડકું પણ એવી ક્રિયા કરે છે. હું દેડકું નથી, હું નારકી નથી, હું તો શુદ્ધ ચૈતન્ય પરમાત્મા છું–એમ દ્રષ્ટિમાં લઈને તે જીવો શુદ્ધ સ્વભાવની અનુભૂતિની ક્રિયા કરે છે. આવી ક્રિયા તે ધર્મ છે. તે મહા માંગળિક છે.

અરે જીવ! તું એકવાર આવા સતનું યથાર્થ શ્રવણ તો કર, શ્રવણ કરીને અંદરમાં નક્કી તો કર કે અંતરમાં કેવી વસ્તુ છે? અંદરમાં શુદ્ધ વસ્તુ છે તેના જ આશ્રયથી ધર્મ થાય છે. પહેલાં એવી રુચિ કર તો વીર્ય તેને અનુસરીને અંતર્મુખ વળે. અંતર્મુખ સ્વભાવથી જ લાભ છે એવી રુચિ કરે તો વીર્યની ગતિ અંતરમાં વળ્યા વિના રહે નહિ.

ચૈતન્યમૂર્તિ આત્માનો સ્વભાવ કેવો છે? ભલે વર્તમાન પર્યાયમાં થોડું જાણવાની તાકાત હોય, પણ તેનો સ્વભાવ સર્વ ભાવોને જાણવાનો છે. જ્ઞાનમાં એકાગ્રતાની ક્રિયા કરતાં કરતાં સર્વજ્ઞ થાય તેવી તેની તાકાત છે. આત્મામાં સર્વજ્ઞ થવાની તાકાત ન માને તે મોટો નાસ્તિક છે, તેને કહે છે કે અરે આત્મા! અંતર સ્વભાવની એકાગ્રતાની ક્રિયા વડે પૂરા સંસારને શોષવી નાખીને સર્વજ્ઞ થવાની તારામાં તાકાત છે. અનંતા આત્માઓએ અંતરની સ્વાનુભૂતિરૂપ ક્રિયા વડે સર્વજ્ઞ પરમાત્મદશા પ્રગટ કરી છે. અંતરના ચૈતન્યસ્વભાવમાં દ્રષ્ટિ મૂકીને જે એકાગ્ર થાય તે સર્વજ્ઞ પરમાત્મા થયા વિના રહે નહિ. આ પ્રમાણે ઈષ્ટદેવને અને પોતાના શુદ્ધ આત્માને ઓળખીને તેને નમસ્કાર કર્યા તે અપૂર્વ માંગળિક છે.

***

# અજ્ઞાનીનો મિથ્યા અભિપ્રાય

**જેમ કોઇ ચોર એમ કહે કે ચોરી કરવી એ જ મારો ધંધો....તો તે જેલ-બંધનમાંથી ક્યારે છૂટે ?-તેમ જે અજ્ઞાની એમ માને કે પરને સુખી-દુઃખી કરવા તે મારું કાર્ય,-અને શુભાશુભ અપરાધભાવ તે મારા ઉપયોગનું કાર્ય-એમ પર ભાવરૂપી અપરાધના કર્તૃત્વને પોતાનો ધંધો માને તે ચોર આ સંસારરૂપી જેલના બંધનથી કેમ છૂટે ?**

(સમયસાર બંધ–અધિકાર ઉપરના પ્રવચનોમાંથી)

આ જ્ઞાનસ્વરૂપ આત્મા ખરેખર સ્વભાવથી તો અબંધ છે; પણ તે પોતાનું જ્ઞાનસ્વરૂપ ભૂલીને, ઉપયોગને રાગમાં તન્મય કરતો થકો, અજ્ઞાનથી બંધાય છે. મિથ્યાદ્રષ્ટિનો મિથ્યાત્વભાવ તે જ મુખ્ય બંધનું કારણ છે. મિથ્યાત્વને લીધે આત્મા પરભાવમાં એકપણાની બુદ્ધિથી પરિણમતો થકો, દેહાદિની કે પર જીવોની ક્રિયાને હું કરું એમ માનતો થકો, બંધાય છે. હું બીજા જીવોને બાંધું કે હું બીજા જીવોને છોડું,–અથવા હું બીજા જીવોને દુઃખી કરું, કે  હું બીજા જીવોને સુખી કરું–આવી અજ્ઞાનીની જે મિથ્યાબુદ્ધિ છે તે નિરર્થક છે; નિરર્થક એટલા માટે છે કે તેની માન્યતા પ્રમાણે વસ્તુ જગતમાં નથી. જગતના જીવો તો પોતાના સમ્યગ્દર્શનાદિના અભાવને લીધે પોતાના અજ્ઞાનભાવથી સ્વયં બંધાય છે, અને એ જ રીતે તેઓ અજ્ઞાનનો અભાવ કરીને, સમ્યગ્દર્શનાદિરૂપ મોક્ષમાર્ગની સાધના વડે સ્વયમેવ મુક્ત થાય છે; બીજો તેને શું કરે ?

હે ભાઈ, જીવ જ્યાં પોતાના અજ્ઞાનથી જ બંધાય છે, ત્યાં તેને બાંધવાનો અભિપ્રાય તું કર કે ન કર તેથી સામામાં તો કાંઇ ફેર પડતો નથી, તારા અભિપ્રાયનું કાર્ય તેનામાં કાંઈ જ આવતું નથી તેથી તારો અભિપ્રાય નિરર્થક છે, મિથ્યા છે ને તે તને બંધનું કારણ છે.

એ જ રીતે જીવ જ્યાં પોતાના સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગના પુરુષાર્થ વડે મુક્ત થાય છે, ત્યાં તેને મુક્ત કરવાનો અભિપ્રાય તું કર કે ન કર તેથી સામામાં તો કાંઈ ફેર પડતો નથી, તારા અભિપ્રાયનું કાર્ય તેનામાં તો કાંઇ જ આવતું નથી, તેથી તારો અભિપ્રાય નિરર્થક છે–મિથ્યા છે, અને તે તને બંધનું કારણ છે.

જે જીવ અજ્ઞાનભાવમાં વર્તે છે તે સ્વયમેવ પોતાના અજ્ઞાનથી બંધાય છે, ત્યાં બીજા લાખ જીવો પણ તેને છોડાવવાનો અભિપ્રાય કરે–તોપણ તેને બંધનથી છોડાવી શકે નહિ, અને જે જીવ સમ્યક્ત્વાદિ જ્ઞાનભાવમાં વર્તે છે તે સ્વયમેવ પોતાના જ્ઞાન વડે જ બંધનથી છૂટે છે ત્યાં બીજા લાખ જીવો પણ તેને બાંધવાનો અભિપ્રાય કરે–તો પણ તેને બંધનથી બાંધી શકે નહિ, તેને મુક્ત થતો કોઇ રોકી શકે નહિ.

માટે હે જીવ! તું તારા આત્માને જ્ઞાનસ્વરૂપી જ જાણ. પર જીવને બાંધે કે છોડાવે, સુખી–દુઃખી કરે એવું કર્તૃત્વ તારામાં નથી. તું જગતનો જ્ઞાતા, એને બદલે પરનો કર્તા થવા જઇશ તો તું દુઃખી થઇશ.

* તારો બાંધવાનો અભિપ્રાય હશે તો પણ જો સામા જીવમાં અજ્ઞાન નહિ હોય તો તે નહિ બંધાય.
* તારો બાંધવાનો અભિપ્રાય નહિ હોય તોપણ જો સામા જીવમાં અજ્ઞાન હશે તો તે બંધાશે.
* તારો મુક્ત કરવાનો અભિપ્રાય હશે તો પણ જો સામા જીવમાં મોક્ષમાર્ગ નહિ હોય તો તે નહિ છૂટે.
* તારો મુક્ત કરવાનો અભિપ્રાય નહિ હોય તોપણ જો સામા જીવમાં મોક્ષમાર્ગ હશે તો તે મુક્ત થશે.

આ રીતે સામા જીવને બાંધવાનો કે છોડવાનો તારો અભિપ્રાય હોય કે ન હોય, પરંતુ સામા જીવો તો સ્વયમેવ તેના ભાવથી જ બંધાય છે અગર મુકાય છે–તો તારી માન્યતાએ તેમાં શું કર્યું? તેને બાંધવાની કે છોડવાની તારી માન્યતા તો નકામી ગઈ. નિરર્થક થઇ, મિથ્યા થઇ. માટે છોડ એ માન્યતા....ને જ્ઞાનસ્વભાવમાં તારી બુદ્ધિ જોડ.

એ પ્રમાણે બાંધવા–છોડવાની જેમ મરણ કે જીવન વગેરે બધાય અશુભ કે શુભ કર્તૃત્વના અભિપ્રાયોમાં પણ મિથ્યાપણું જ છે.

હું પરને સુખી કરું–બંધનથી છોડાવું–એવો શુભ અભિપ્રાય પણ અજ્ઞાનથી ભરેલો છે ને હું પરને દુઃખી કરું–બંધનથી બાંધું–એવો અશુભ અભિપ્રાય પણ અજ્ઞાનથી ભરેલો છે. આ રીતે શુભ અશુભના ભેદની મુખ્યતા નથી પણ બન્નેમાં જે પરના કર્તૃત્વનો મિથ્યા અભિપ્રાય છે તે જ બંધનનું મુખ્ય કારણ છે.

## दर्शन धारा पवित्रा

**તીન લોક તિહુંકાલમાંહી નહીં દર્શન સો સુખકારી,**
**સકલ ધરમકો મૂલ યહી, ઇસ વિન કરની દુઃખકારી.**
**મોક્ષમહલકી પરથમ સીઢી, યા વિન જ્ઞાન-ચરિત્રા**
**સમ્યક્તા ન લહે, સો દર્શન ધારો ભવ્ય પવિત્રા.**
**‘દૌલ’ સમઝ સૂન ચેત સયાને, કાલ વૃથા મત ખોવે,**
**યહ નરભવ ફિર મિલન કઠિન હૈ જો સમ્યક્ નહિ હોવે.**
(પં. શ્રી દૌલતરામજી કૃત-છહઢાળા)

સમ્યક્ત્વનો મહિમા કરીને તેને ધારણ કરવાની પ્રેરણા આપતાં છહઢાળામાં કવિ કહે છે કેઃ ત્રણલોક અને ત્રણકાળમાં સમ્યગ્દર્શન સમાન સુખકારી બીજું કોઈ નથી; બધા ધર્મોનું મૂળ તે જ છે; તેના વગરની બધી કરણી દુઃખરૂપ છે. આ સમ્યગ્દર્શન તે મોક્ષમહેલનું પહેલું પગથિયું છે, એના વિના જ્ઞાન કે ચારિત્ર સમ્યકતા પામતા નથી. માટે હે ભવ્યો! આવા પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કરો. હે સૂજ્ઞ! દૌલતરામજીની આ શિખામણ સાંભળીને તું ચેત...અને સમય નકામો ન ગૂમાવ; જો આવા અવસરે સમ્યક્ત્વ પ્રાપ્ત ન કર્યું તો ફરીને આવો નરભવ મળવો મૂશ્કેલ છે.

(સમ્યગ્દર્શન-પુસ્તક ત્રીજામાંથી)

## ज्ञानको उर आनो

ધન સમાજ ગજ બાજ રાજ તો કાજ ન આવે
જ્ઞાન આપકો રૂપ ભયે ફિર અચલ રહાવે;
તાસ જ્ઞાનકો કારન સ્વ-પર વિવેક વખાનો;
કોટિ ઉપાય બનાય ભવ્ય તાકો ઉર આનો.
જો પૂરવ શિવ ગયે, જાહિં, અબ આગે જે હૈં.
સો સબ મહિમા જ્ઞાનતની મુનિનાથ કહે હૈ;
(પં. શ્રી દૌલતરામજી કૃત છહઢાળા)

સમ્યગ્જ્ઞાનનો મહિમા કરીને તેને ધારણ કરવાની પ્રેરણા આપતાં છહઢાળામાં કવિ કહે છે કેઃ ધન, સમાજ, હાથી-ઘોડા, વૈભવ, કે રાજ એ કાંઇ જીવને કામ આવતું નથી; સમ્યગ્જ્ઞાન કે જે નિજસ્વરૂપ છે તે પ્રગટ થતાં અચલપણે જીવની સાથે રહે છે. સ્વ-પરનું ભેદજ્ઞાન તે સમ્યગ્જ્ઞાનનું કારણ છે; હે ભવ્યો! કરોડો ઉપાય વડે પણ આવા સમ્યગ્જ્ઞાનને અંતરમાં પ્રગટ કરો. પૂર્વે જેઓ મોક્ષ પામ્યા છે, વર્તમાન પામે છે અને ભવિષ્યમાં પામશે,-એ બધો સમ્યગ્જ્ઞાનનો જ મહિમા છે-એમ મુનિવરોએ કહ્યું છે.

(સમ્યગ્દર્શન-પુસ્તક ત્રીજામાંથી)





# રાજીમતિ વૈરાગ્ય

જાદવકૂળનો જોગી નેમકુમાર વિવાહ પ્રસંગે વૈરાગ્ય પામી જ્યારે રથ પાછો ફેરવી ગીરનાર પર ચાલ્યો જાય છે....ને રાજ્યમાં હાહાકાર મચી જાય છે, ત્યારે રાજકુમારી રાજુલની શી દશા થઇ હશે ? શું એ આક્રંદ કરીને બેસી રહી હશે ?–ના....ના....એ તો વીરાંગના હતી. જો નેમકુમારનું હૃદય વૈરાગ્યથી ભરેલું હતું તો રાજીમતીનું હૃદય પણ જૈનધર્મથી ધબકતું હતું.....એણે પણ સંયમમાર્ગ અંગીકાર કર્યો....એ પ્રસંગે તેના પિતાજી સાથે તેને કેવો સંવાદ થાય છે તે અહીં રજુ કર્યો છે. રાજુલ–બાબુલનો આ સંવાદ જ્યારે જ્યારે ગવાતો ત્યારે શ્રોતાજનો વૈરાગ્યમુગ્ધ બની જતા....પરંતુ.....પોતાની ખાસ હલકથી આ સંવાદ ગાઇને શ્રોતાજનોને મુગ્ધ બનાવનારો અજમેરનો એ ગાયક આજે આપણી વચ્ચે નથી....આ સંવાદ અચૂક એનું સ્મરણ કરાવે છે... ]

( રાગઃ ભરથરી દોહરાનો )

રાજુલઃ જોગ ધરૂંગી....બાબુલ હટ તજો...
ઝુઠા હૈ સંસાર....બાબુલ હટ તજો....
પિતાઃ જોગ વિસારો....બેટી રાજમતી....

મત જાઓ ગીરનાર....બેટી રાજમતી....
રાજુલઃ યે સંસાર અસાર હૈ બાબુલ....

મોહ જાલ દુઃખભાર....બાબુલ હટ તજો...
પિતાઃ ઔર ઢુંઢાઉં વર અતિ સુંદર...

ધન વૈભવ બલકાર....બેટી રાજમતી...





રાજુલઃ પતિ સતિ કે એક હી હોતા...
ઔર પિતા સુત ભ્રાત...બાબુલ હટ તજો
પિતાઃ જબ લગ સાત ફિરે નહીં ફેરે....
તબ લગ કુંવારી માન....બેટી રાજમતી....
રાજુલઃ યે સબ થોથીં બાતેં બાબુલ....
કૂલ મરિયાદ વિચાર....બાબુલ હટ તજો....
પિતાઃ જીવનમેં સુખભોગ ભોગ કયોં....
દે રહી મૂઢ વિસાર....બેટી રાજમતી....
રાજુલઃ ભોગ રોગકા ઘર હૈ બાબુલ...
ભોગ નરક કો દ્વાર....બાબુલ હટ તજો....
પિતાઃ યે યૌવન યે રૂપ સંપદા....
મિલે ન વારંવાર....બેટી રાજમતી....
રાજુલઃ હાડ માંસ પર ચામ ચમક હૈ....
ક્ષનમેં વિનસનહાર....બાબુલ હટ તજો...
પિતાઃ કયા યહી હૈ ધર્મ સુતાકા....
કરે પિતાસેં રાડ...બેટી રાજમતી....
રાજુલઃ રાડ નહીં, હૈ ધર્મ સતીકા...
હિતકર ધર્મ ચિતાર....બાબુલ હટ તજો....
પિતાઃ કઠિન જોગ તપ ત્યાગ હૈ બેટી...
ફિરસે સોચ વિચાર....બેટી રાજમતી...
રાજુલઃ ધન 'સૌભાગ્ય' મિલા સંયમકા....
સફલ કરું પર્યાય....બાબુલ હટ તજો....
પિતાઃ ધન્ય હૈ તેરી દૃઢતા બેટી....
જાઓ ખુશી ગીરનાર....દેવી રાજમતી....

# વિવિધ વચનામૃત

* પોતાનો પરિપૂર્ણ સ્વભાવ છે; એ સ્વભાવમાંથી પૂર્ણદશા પ્રગટવી તે જ ઉત્કૃષ્ટ સુપ્રભાત છે.

* દ્રવ્યમાં રાગ–દ્વેષનો અંશ પણ નથી, તેથી તે દ્રવ્યને જાણનાર જે જ્ઞાન તેમાં પણ રાગ–દ્વેષ નથી, એટલે કે દ્રવ્યનું જ્ઞાન રાગ–દ્વેષથી નિવર્તેલું જ છે. જો જ્ઞાન રાગ–દ્વેષથી નિવર્ત્યું ન હોય તો તે જ્ઞાને રાગ–દ્વેષરહિત સ્વભાવને જાણ્યો જ નથી. જ્ઞાનનું પરિણમન સ્વભાવ તરફ વળ્યું ત્યાં જ સ્વભાવમાં રાગ–દ્વેષ નહિ હોવાથી રાગ–દ્વેષનો અભાવ થયો છે. માટે જ્ઞાનથી જ રાગ–દ્વેષ નિર્મૂળ થાય છે.

* યથાર્થ તત્ત્વજ્ઞાન વગર બહારથી ધર્મ માનવો તે સંસારનું જ કારણ છે.

* પોતાના જ્ઞાનસામર્થ્યનો વિશ્વાસ તે ધર્મ છે અને પોતાના જ્ઞાનસામર્થ્યનો અવિશ્વાસ તે અધર્મ છે.

* આત્માને પોતાના સ્વભાવ સિવાય બીજું કોઈ જગતમાં શરણરૂપ નથી; પોતે જ પોતાને શરણરૂપ છે.

* ઇન્દ્રિયો, શરીર વિના જ આત્માને જ્ઞાન આનંદ હોય છે, કેમકે જીવ પોતે જ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે.

* હે જીવ! જો તારે જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો પ્રથમ જ્ઞાનીઓને ઓળખ; અને અંતરથી તેમનું પૂર્ણ બહુમાન કર; જ્ઞાનીનું બહુમાન તે જ્ઞાનનું જ બહુમાન છે; જ્ઞાનપ્રાપ્તિ માટે જ્ઞાનીનું બહુમાન અનિવાર્ય છે;

* સમ્યગ્દર્શન વગર કોઇ પ્રકારનો ધર્મ હોતો જ નથી; આથી સમ્યગ્દર્શનનું પરમ માહાત્મ્ય ઓળખીને જીવોએ તે પ્રાપ્ત કરવા માટે મથવું જોઇએ. સમ્યગ્દર્શન સિવાય ધર્મની શરૂઆત બીજી કોઇ નથી એટલે કે સમ્યગ્દર્શન તે જ ધર્મની શરૂઆત છે અને સિદ્ધદશા તે ધર્મની પૂર્ણતા છે.

* સમ્યગ્દર્શન તે જ ધર્મની શરૂઆત છે અને સિદ્ધદશા તે ધર્મની પૂર્ણતા છે.

* શરીર તો વેદનાની જ મૂર્તિ છે. તેને ભોગવવાનો ભાવ તે દુઃખ જ છે; તે રોગનું જ ઘર છે. આત્મા આનંદની જ મૂર્તિ છે,

તેને ભોગવવાનો ભાવ તે આનંદ જ છે, તે સુખનું જ ઘર છે.

## भगवान आत्मा

* આત્મા છે તે ભગવાન છે. ભલે એને પોતાના સ્વરૂપની ખબર નથી, તો પણ એનું ભગવાનપણું મટી ગયું નથી. પોતાને ભગવાન સ્વરૂપે ઓળખે તે ભગવાન થાય.

## ભવ ભ્રમણનો અંત

* જો ભાઈ, તારે ભવ ભ્રમણનો અંત કરવો હોય તો, અપૂર્વ સત્સમાગમે આ આત્માનો અપૂર્વ સ્વભાવ છે તેને તું હોંશપૂર્વક સમજ. વારંવાર તેનો જ અભ્યાસ અને મંથન કર. એમ કરવાથી જરૂર તારા ભવ ભ્રમણનો અંત આવી જશે.

નહિ તૃષ્ણા જીવ્યા તણી, મરણયોગ નહિ ક્ષોભ;
મહા પાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ.

* જેવી રુચિ તેવો પુરુષાર્થ. ‘रुचि अनुयायी वीर्य’ આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ જેણે પ્રીતથી સાંભળી છે તે ભવ્ય અવશ્ય ભવિષ્યમાં મોક્ષ પામે છે.

## આત્માનું જીવન

* આત્મામાં ‘જીવન’ શક્તિ છે, પોતાના ચૈતન્ય પ્રાણને ધારણ કરીને આ જીવ સદા જીવી રહ્યો છે. જીવ સદા આખે આખો જીવતો છે, તે કદી પોતાની ચેતનાને છોડતો નથી, તેથી તેને કદી મરણ નથી. જીવ કોઇ શરીર વગેરેના આધારે જીવતો નથી, પણ જ્ઞાનથી જ જીવે છે. આત્માની જીવન શક્તિને ઓળખે તેને સાચું આત્મજીવન પ્રાપ્ત થાય.

## પ્રભુતા

* આત્મામાં અનંત મહિમારૂપ પ્રભુત્વ શક્તિ છે. આત્માના ગુણને બગાડવા કોઈ સમર્થ નથી. આત્મા ઉપર કોઈની સત્તા ચાલતી નથી, પોતે જ પોતાનો પ્રભુ છે. જે પોતાની પ્રભુતાને સ્વીકારે તે પોતે પોતાના અનંત પ્રભુત્વને પામે છે.
* આત્માના પરમ પારિણામિક સ્વભાવનો મહિમા કરવો. તે સ્વભાવમાંથી જ બધી નિર્મળ પર્યાયો આવે છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીની બધી નિર્મળ પર્યાયો પ્રગટી જાય છે; માટે તેનો મહિમા તેની રુચિ ને તેમાં સન્મુખ થઇને લીનતા એ જ આત્માર્થી જીવોનું કર્તવ્ય છે.
* આ મનુષ્ય જન્મ પામીને આત્મા સમજવાના અતિદુર્લભ ટાણાં આવ્યા છે. ત્યારે ઊંઘવાનો વખત નથી. જાગ, અને આત્માનું ભાન કર!
* અનંત-અનંતવાર આ જીવ મનુષ્યપણું પામ્યો અને અનંતવાર પંચમહાવ્રતનો પાળનારો થયો, એવા મહાન પ્રશસ્ત શુભરાગ અનંતવાર આ જીવે કર્યા પણ આત્મા શુદ્ધ સ્વભાવી શું ચીજ છે, સર્વ પર ચીજથી નિરાળો, કર્મસંબંધ રહિત છે, તેના જ્ઞાન વગર

અનાદિના જન્મ-મરણ ટળ્યા નહિ; અને જ્યાં સુધી સાચું ભાન નહિ કરે ત્યાં સુધી જન્મ મરણ ટળશે નહીં.

* સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ એ જ મનુષ્ય જીવનની સાર્થકતા છે.
* જો જીવો સુખી હોય તો "ઇન્દ્રિયો આદિથી સુખ મેળવું" એવી પાંચ ઇન્દ્રિયના વિષયની ઇચ્છા થાય જ કેમ? માટે ઇન્દ્રિયવિષયો તરફ જેનું વલણ છે તે દુઃખી જ છે.
* જગતના સંસારી જીવો સુખ શોધે છે તેથી એટલું નક્કી થાય છે કે વર્તમાનમાં તે સુખી નથી, દુઃખી છે.
* રે, મુરખ! ક્ષણિક દેહની ખાતર આત્માને ન ભૂલ; તારા મનમાં એટલી તાલાવેલી (ભિન્નતાનું ભાન) હોવું જોઇએ કે દેહ તો કાલે પડતો (છૂટતો) હોય તો ભલે આજે પડો! દેહ મારું સ્વરૂપ છે જ નહીં; હું તો અશરીરી સિદ્ધસ્વરૂપ છું.
* શરીર જે ક્ષણિક વસ્તુ છે, નાશવંત છે, અને પર છે તેના ઉપર આટલા વ્યવસાય શા? સહજ ચિદાનંદ સ્વરૂપ તું છો-તેમાં તારા સર્વ વ્યવસાયને જોડ.
* અહા, સ્વભાવ એ જ શરણ છે. જગત આખું અશરણ છે.
* પરિચય વગર જ્ઞાની પુરુષોને ઓળખવા મુશ્કેલ છે; પ્રત્યક્ષ પરિચય વગર જ્ઞાનીઓ વિષે કોઇ જાતનો અભિપ્રાય કરશો નહીં. જ્ઞાનીઓનો પરિચય [સત્ સમાગમ] અને તેની રુચિ એ તત્ત્વબોધ પામવાનું મૂળ છે.
* આ કાળે જ્ઞાનીઓનું દર્શન અને ઓળખાણ કઠણ છે. છતાં જિજ્ઞાસુને તેઓનો જોગ મલી જ રહે છે.
* જૈન ધર્મ એ કોઇ વેશ કે વાડો નથી, પણ વીતરાગનું શાસન છે. વીતરાગતા એ જ જૈનધર્મ છે. વીતરાગમાર્ગમાં રાગને સ્થાન નથી, પછી તે સાક્ષાત્ ભગવાન ઉપરનો હોય તો પણ જે રાગ છે તે જૈનશાસન નથી, તે ધર્મ નથી, તે મોક્ષમાર્ગ નથી.
* આત્મા શરીરથી જાુદો છે, શરીર આત્માથી જાુદું છે; બન્ને દ્રવ્યો જાુદા હોવાથી કોઇનો ધર્મ એકબીજાના આધારે નથી, આમ હોવાથી શરીરમાં કાંઇ થાય તેથી આત્માને કાંઇ લાભ કે નુકશાન થતું નથી...
* સ્વરૂપનું અજ્ઞાન અને તે અજ્ઞાનને લઇને પરમાં સુખબુદ્ધિ એ આત્માની ભયંકર પામરતા છે.
* રાગ-દ્વેષ ઉપર વિજય મેળવનાર અને અજ્ઞાનરૂપી પડદાને ફૂંકી દેનાર સાચો વિજેતા છે.
* મારું જીવન મારા આધારે છે. કોઇના આધારે મારું જીવન નથી.
* અપાર સુખ-સાહ્યબી તારા ચૈતન્યમાં જ ભરેલી છે તેને ભોગવ.
* સમ્યગ્જ્ઞાન વિના પરમાં સુખ બુદ્ધિ ટળે નહિ અને પોતાના સુખ સ્વરૂપની શ્રદ્ધા બેસે નહિ.

* ઊંધી માન્યતામાં જગત એવું પકડાઇ ગયું છે કે ઊંધી માન્યતા છોડવી એ મેરૂ પર્વતને ચલાયમાન કરવા જેવું થઇ પડયું છે.
* જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું.
* વ્યવહારથી પરમાર્થમાં જવાતું નથી પણ તે વચ્ચે આવે છે, તેનો આશ્રય છોડીને જ પરમાર્થમાં જઈ શકાય છે.
* "હે જીવ! તું ભૂલમા, સુખ અંતરમાં છે, તે બહાર શોધવાથી નહીં મળે!"
* જે કામ માટે તું જન્મ્યો છો, તેનું અનુપ્રેક્ષણ કર, તારા સ્વભાવને સમજ?
* હે મૂર્ખ! ક્ષણિક દેહની ખાતર ત્રિકાળ સ્વભાવને ન ભૂલ. રાખને માટે રત્ન ન બાળ.
* પરભાવમાં જવું તે મરણ છે અને સ્વભાવમાં રહેવું તે જીવન છે....
* આ શરીર મારું નથી, હું તો શરીરથી જાુદો જાણનાર જ છું. હું અમર ધ્રુવ છું. મારું મરણ ખરેખર છે જ નહીં. આ શરીર મારું કદી પણ હતું જ નહીં. તો તે છોડતાં દુઃખ શાનું? મારી ગતિ એક જ ધ્રુવ અને અચલ છે, તે સિવાય મારું કાંઇ પણ આ જગતમાં નથી.–જીવનમાં આવી ભાવના ભાવનારને મરણનો ભય રહેતો નથી.
* તું હંમેશા સુખ ઇચ્છે છે, છતાં તે કેમ નથી મલતું? તેનો વિચાર કર.
* 'જિન સો હી હૈ આતમા અન્ય હૈ સો કર્મ' એહી વચનસેં સમજલે જિન પ્રવચનકા મર્મ.
* જ્ઞાન એ જ સુખ છે; અજ્ઞાન એ જ દુઃખ છે.
* સત્ સમજવા માટે તારે ફરવું પડશે, સત્ ફરે તેમ નથી.
* જ્ઞાનપ્રાપ્તિ માટે જ્ઞાનીનું બહુમાન અનિવાર્ય છે.
* શરીર આદિથી આત્માને લાભ માનવો તે અનંતો રાગ છે; રોગ આદિ પરથી આત્માને નુકશાન માનવું તે અનંતો દ્વેષ છે.
* અશુદ્ધ ભાવ એ જ આત્માને નિશ્ચયથી બંધ છે. દ્રવ્યબંધ તો માત્ર ઉપચાર છે.
* જગત તેના ભાવે ચાલ્યું જાય છે. તું તારા નિજભાવમાં સ્થિર રહે.
* ભૂલને જાણશે તો ભૂલ ટાળવાનો ઉપાય સમજીને ભૂલ ટાળશે.
* સ્વભાવના યથાર્થ ભાન વગર કદી ધર્મની શરૂઆત પણ થાય નહિ.
* જે ભૂલમાં પડયો છે, ને ગુણને ઓળખતો નથી, તે ગુણીજનોમાં પણ ગુણને ન જોતાં માત્ર ભૂલને જ દેખે છે.–એ તેની સમજણનો દોષ છે.
* શુભભાવ છે તે અશુભભાવને તો ટાળી શકે છે પણ જન્મ મરણને ટાળી શકતા નથી.
* સત્યના શરણનો માર્ગ આખી દુનિયાથી જાુદો છે. સમ્યગ્દર્શન એટલે સત્નો સ્વીકાર.
* દરેક કાર્ય અંતરંગ કારણથી જ થાય છે, બહારના કારણથી થતું નથી. સર્વ કાળે

સર્વ ક્ષેત્રે સર્વ દ્રવ્યમાં અંતરંગ કારણથી જ સર્વ કાર્યની ઉત્પત્તિ થાય છે.

* ત્રણ કાળ ત્રણ લોકમાં એવું કોઈ દ્રવ્ય નથી કે જેનું કાર્ય બીજા દ્રવ્યથી થતું હોય.
* પોતાના જ્ઞાનમૂર્તિ આત્મસ્વરૂપને જાણીને આત્માથી સંતુષ્ટ થવું, આત્માથી તૃપ્ત થવું, ને આત્મામાં જ લીન થવું.–તે પરમ ધ્યાન છે; તેનાથી વર્તમાન આનંદ અનુભવાય છે અને થોડા જ કાળમાં જ્ઞાનાનંદસ્વરૂપ પૂર્ણદશાની પ્રાપ્તિ થાય છે. આમ કરનાર પુરુષ જ તે દશાના પરમ સુખને જાણે છે, બીજાનો તેમાં પ્રવેશ નથી.
* આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને...
  આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.
* હે જીવ! સુખ અંતરમાં છે, બહારમાં નથી, સત્ય કહું છું, ભ્રમ ન પામ.
* "પુનર્જન્મ છે, જરૂર છે, એ માટે હું અનુભવથી હા કહેવા અચળ છું."
* સ્વાશ્રયદ્રષ્ટિ તે સિદ્ધદશાનું કારણ છે ને પરાશ્રયદ્રષ્ટિ તે સંસાર દશાનું કારણ છે.
* "આત્માનો મોક્ષ કરવો એ જ કર્તવ્ય છે." મોક્ષ તે જ આત્માનું પૂર્ણ સુખ છે.
* સાતમી નરકનો નારકી સમ્યગ્દ્રષ્ટિ સુખી અને સ્વર્ગનો દેવ મિથ્યાદ્રષ્ટિ દુઃખી; આમાં પુણ્યની શું કિંમત!! અહો, સ્વભાવદર્શન, તારો મહિમા! અપૂર્વ અને અનુપમ છે;

અજીર્ણ

* જ્ઞાનનું અજીર્ણઃ–પોતાના જાણપણાનો ગર્વ, અને બીજા સાધર્મીપ્રત્યે તિરસ્કાર કે તેનો અનાદર કરવો તે;
* ત્યાગનું અજીર્ણઃ– પોતાની માનેલી ક્રિયાઓ જે ન કરતા હોય પણ જ્ઞાનમાં સારા હોય, છતાં તેની નિંદા કરે, અને હું તેનાથી કાંઇક અધિક છું એમ માનવું તે .

  આ બન્ને મહા દોષો છે, ને તે તીવ્ર મોહબંધનું કારણ છે.
* જેને બેહદ ચૈતન્ય દ્રવ્યની પ્રાપ્તિ થઇ છે તે 'મહાત્મા' એક સમયની પર્યાયથી પોતાની મહત્તા કેમ માને? ને તેથી તેને તેનું અભિમાન ક્યાંથી થાય? જેણે પોતાની પૂર્ણતાને જોઈ નથી તે જ 'પામર' તૃચ્છ પર્યાય વડે પોતાની મહત્તા માનીને અભિમાન કરે છે. જેણે અંશમાં (તે અંશ પણ સજાતીય નહિ પણ વિજાતીય, તેમાં) અહંકાર કર્યો છે તેણે અંશમાં જ સંતોષ છે, તે પૂરાની પ્રાપ્તિનો પ્રયત્ન નહિ કરે. અહો, અનંતમા ભાગનું જે અલ્પ જ્ઞાન, તેનો અહંભાવ પૂર્ણતાના સાધકને શેનો હોય?
* હે સાધર્મી બંધુ! અપૂર્વ આત્મકલ્યાણ માટે, અનંતકાળે પ્રાપ્ત થયેલા આ મહાન સુઅવસરને અંતરના ઉમળકાપૂર્વક વધાવી લેજે, તારા આત્મકલ્યાણ માટે આ જીવનના સુઅવસરને સર્વ પ્રકારે સફળ બનાવજે. એક તરફ અનંતકાળનું સિદ્ધદશાનું સુખ છે; બીજી

તરફ?–અનંત અનંત જન્મ મરણનું દુઃખ છે. તારા આત્મજીવનની લગામ તારા હાથમાં છે, સિદ્ધદશા તરફ જ પ્રયાણ કરજે.

* તારો આત્મા રાગવડે જણાય નહિ અને જ્ઞાનવડે જણાયા વિના રહે નહિ, એવું તારૂં સ્વરૂપ છે. એવી તારામાં શક્તિઓ પડી છે માટે તેના સામું જો.
* બધાય પર પરિણામોથી જાુદું રહીને જ્ઞાન જાણે છે.
* વસ્તુનું સ્વરૂપ દરેક સમયે પોતાનું કાર્ય કરી જ રહ્યું છે, સ્વરૂપ સ્વીકારે તે ભગવાન થાય.
* જબ જાણ્યો નિજરૂપકો, સબ જાણ્યો તબ લોક,
  જાણ્યો નહિ નિજરૂપકો, સબ જાણ્યો સો ફોક.
  જેણે આત્મા જાણ્યો, તેણે સર્વ જાણ્યું.
* **સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય, આરાધ્ય! પ્રભાવ આણી.**
  **અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઇ ન બાંહ્ય સ્હાશે.**
* હે ભાઈ, આ અનંત દુઃખમય સંસારમાં એક માત્ર સર્વજ્ઞ દેવનો ધર્મ જ જીવને શરણરૂપ છે; એમ જાણીને અંતરમાં સર્વજ્ઞના ધર્મનો અત્યંત મહિમા લાવીને તેની આરાધના કર, આરાધના કર! સર્વજ્ઞના ધર્મની આરાધના કરવાથી તારું એકાંત અનાથપણું ટળીને તું સનાથ થઇશ, તને તારો સાચો નાથ મળશે. એના સિવાય બીજાું કોઇ તને સહારો કરે તેમ નથી.
* “સહજાત્મ સ્વરૂપ ચિદાનંદ”.
* તારા અંતરસ્વરૂપમાં ચૈતન્યભાવથી ભરપૂર આનંદસમુદ્ર હિલોળા મારતો ઊછળી રહ્યો છે, તેમાં ડુબકી મારીને પાવન થઇ જા. તારા આનંદસમુદ્રને જોતાં જ તને આ સંસારસમુદ્રની આકુળતા મટી જશે. તું સંસારસમુદ્રનો પાર પામી જઇશ.

### ભગવાન મહાવીર ઉપદેશ કરે છે-

અહો ભવ્ય લોકો! તમારું સુખ અંતરમાં છે, બહારમાં સુખ નથી. સંસાર એકાંત અને અનંત દુઃખરૂપ છે. શોકમય છે, એમાં મધુરતા અને મોહ ન કરતાં એનાથી નિવૃત્ત થાવ, નિવૃત્ત થાવ; અહો લોકો, સંસારરૂપી સમુદ્ર અનંત અને અપાર છે, તેનું મૂળ અજ્ઞાન છે. સાચા જ્ઞાનવડે એનો પાર પામવા પુરુષાર્થનો ઉપયોગ કરો. ઉપયોગ કરો. ‘આ અસ્થિર અને ક્ષણિક સંસારમાં અનેક પ્રકારનાં દુઃખ જ છે. હું એવી કરણી કરું કે જે કરણીથી દુર્ગતિ પ્રત્યે ન જઉં.’ એનો વિચાર તત્ત્વઅભિલાષી કરે છે. મહાવીરનો એક સમય માત્ર પણ સંસારનો ઉપદેશ નથી.

* એક જ વાર તું તારા સ્વભાવને આખા વિશ્વથી ભિન્નપણે દેખ, તો ફરીથી કદી તને સ્વરૂપમાં ભ્રાંતિ પડે નહિ ને વિશ્વમાં ક્યાંય મમત્વ થાય નહિ; આત્મસ્વરૂપની મહત્તા

કદી જાય નહિ, ને પરની મમતા કદી થાય નહિ. માટે એકવાર અવશ્ય એમ કર.

* આત્મસ્વરૂપથી વિશેષ મહિમાવાળી કોઇ પણ ચીજ આ જગતમાં નથી. આત્મસ્વરૂપથી મહત્ એવું કાંઇ નથી; એવો કોઇ પ્રભાવજોગ આ સૃષ્ટિને વિષે ઉત્પન્ન થયો નથી–છે નહિ–અને થવાનો પણ નથી કે જે પ્રભાવજોગ પૂર્ણ આત્મ સ્વરૂપને વિષે પણ પ્રાપ્ત ન હોય.

* "જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી" એ જ અદ્‌ભુત આશ્ચર્ય છે, અવ્યાબાધ સ્થિરતા છે.

* સમ્યક્ત્વ સહિત નરકવાસ પણ ભલો છે, અને સમ્યક્ત્વ રહિતનો દેવલોકમાં નિવાસ પણ શોભા પામતો નથી.

* અપાર એવા સંસારસમુદ્રથી રત્નત્રયીરૂપ જહાજને પાર કરવા માટે સમ્યગ્દર્શન ચતુર ખેવટીઓ (નાવિક) છે.

* જે જીવને સમ્યગ્દર્શન છે તે અનંત સુખ પામે છે અને જે જીવને સમ્યક્‌દર્શન નથી તે પુણ્ય કરે તોપણ અનંત દુઃખ ભોગવે છે.

* હે જીવ! તારે પુણ્યના ફળને શોધવા નહીં જવું પડે–પણ પુણ્ય ફળ દેવા માટે તને શોધવા આવશે–માટે પુણ્યની કે પુણ્યના ફળની ઇચ્છા છોડી દે.

* દેહના વિયોગ સમયે નિશ્ચિંત રહેજો. આત્મા શાશ્વત છે.

* કરવાના કામો કરી લ્યો, વખત અમૂલ્ય છે એ યાદ રાખો અને અયોગ્ય રીતે કોઇ શક્તિનો ઉપયોગ ન થાય તથા એક પળ પણ નકામી ન જાય તેની કાળજી રાખો.

* સ્વરૂપનું જ્ઞાન મનુષ્ય જીવનનું કર્તવ્ય છે અને તે જ્ઞાન મેળવી લેવામાં જ મનુષ્ય જીવનની સફળતા છે.

***

## સોનગઢમાં ચોસઠ ઋદ્ધિમંડલ વિધાન

અષાઢ માસની અષ્ટાહ્નિકા દરમિયાન સોનગઢમાં નંદીશ્વરપૂજનની સાથે સાથે ચોસઠ ઋદ્ધિમંડલ વિધાન પૂજન કરવામાં આવ્યું હતું; જેમાં ઋદ્ધિધારી મુનિશ્વર ભગવંતોનો મહિમા દેખીને સૌને મુનિભક્તિની વિશેષ ભાવના જાગતી હતી. અષાઢ વદ એકમનો દિવ્યધ્વનિનો દિવસ પણ આનંદથી ઊજવાયો હતો.

# મોક્ષનો એક જ ઉપાય

**ભગવતીપ્રજ્ઞા જ મોક્ષનું સાધન છે; આત્માથી ભિન્ન સાધનનો અભાવ છે.**

મોક્ષ અધિકારમાં મોક્ષનો ઉપાય દર્શાવતાં આચાર્યપ્રભુ કહે છે કે આત્માના સ્વભાવને અને બંધભાવને–એ બન્નેને તેમના લક્ષણોવડે ભિન્નભિન્ન ઓળખીને, જુદા કરવા–તે જ એક નિયમથી મોક્ષનો ઉપાય છે. અને એનું સાધન, આત્માથી અભિન્ન એવી ભગવતીપ્રજ્ઞા જ છે. આત્માના મોક્ષનું સાધન આત્માથી ભિન્ન નથી. જેમ મોક્ષ આત્માથી ભિન્ન નથી તેમ તેનું સાધન પણ આત્માથી ભિન્ન નથી. ભાઈ, તારા મોક્ષનું સાધન અંતરમાં તારા આત્માના આશ્રયે જ છે....માટે આત્મા તરફ વળીને સ્વાશ્રયે મોક્ષના માર્ગનું સેવન કર.

પ્રશ્ન– મોક્ષનું કારણ શું છે?

ઉત્તરઃ– આત્મા અને બંધને જુદા કરવા તે એક જ મોક્ષનું કારણ છે. આ સિવાય બંધનના પ્રકારો વગેરેને જાણ્યા કરે કે તેનું ચિંતન કર્યા કરે, ‘મારે બંધનથી છૂટવું છે–છૂટવું છે’ એમ ચિંતા કર્યા કરે–તો તેથી કાંઇ બંધનથી છૂટકારો થતો નથી. બંધનથી છૂટકારો તો એક જ ઉપાયથી થાય છે કે આત્માનો સ્વભાવ અને બંધભાવ–એ બન્નેને જુદા કરવા.

પ્રશ્નઃ– આ એક જ મોક્ષનું કારણ કેમ છે?

આમ મોક્ષનો જિજ્ઞાસુ થઇને તેનો ઉપાય સમજવા માટે જે જીવ પ્રશ્ન પૂછે છે તેને આચાર્યદેવ સમજાવે છે–

**બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો,**
**જે બંધ માંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો. (૨૯૩)**

અબંધસ્વભાવી ચૈતન્યસ્વભાવથી ભરેલો ભગવાન આત્મા, અને બીજી બાજુ વિકારરૂપ એવા બંધભાવો–એ બન્નેનો સ્વભાવ અત્યંત ભિન્ન છે.–આવી ભિન્નતા જે જાણે છે

તે નિજસ્વભાવ તરફ વળતો થકો, બંધોથી વિરમે છે,–એટલે તે કર્મોથી મુક્ત થાય છે. આ સિવાય બીજી રીતથી મુક્તિ થતી નથી; આ એક જ મોક્ષનો ઉપાય હોવાનો નિયમ છે.

આત્મા તો નિર્વિકાર ચૈતન્યચમત્કારથી ભરેલો છે. ચોસઠ ઋદ્ધિમાં કેવળજ્ઞાનાદિ ઋદ્ધિ આવે છે તે આત્માની ખરી ઋદ્ધિ છે; મુનિઓને સ્વરૂપ સાધતા સાધતા બહારની પણ રસઋદ્ધિ વગેરે અનેક ઋદ્ધિ–લબ્ધિઓ પ્રગટે પણ ચૈતન્યચમત્કાર પાસે જગતના બીજા કોઇ ચમત્કાર કે ઋદ્ધિની મહત્તા તેમને નથી. નિર્દોષતા ને વીતરાગતા જેમાં ભરી છે–એવો આત્મા બંધભાવોથી અત્યંત જાુદો છે. રાગાદિ દોષો તે તો બંધનો સ્વભાવ છે, તે આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ તો ચૈતન્યભાવથી જ સર્વત્ર ભરેલો છે.

અરે જીવ! એકવાર જ્ઞાનને અંદરમાં ઊંડું ઉતારીને આવી વહેંચણી તો કર. તારા ચૈતન્યચમત્કારમાં વિકારનો પ્રવેશ નથી, પણ અનંતા ગુણો તારા ચૈતન્યચમત્કારમાં સમાય છે, ને કેવળજ્ઞાનાદિ અનંત ઋદ્ધિ તારા ચૈતન્યચમત્કારમાં સમાય છે. જગતને બહારના ચમત્કારનો મહિમા આવે છે કે સોમા સતીના શીલના પ્રતાપે સર્પનો હાર બની ગયો, ભક્તિથી જેલના તાળાં તૂટી ગયા, વગેરે;–પરંતુ ચૈતન્યના ગુપ્ત ચમત્કારમાં બેહદ સ્વભાવસામર્થ્ય ભર્યું છે–તે પોતાના ચમત્કારનો મહિમા પોતાને આવતો નથી. સ્વભાવ શું ચીજ છે ને પરભાવરૂપ બંધભાવ કઇ રીતે ભિન્ન છે તે જાણે તો બંધનથી પાછો વળીને સ્વભાવ તરફ વળે ને મોક્ષઉપાય પ્રગટે.

સ્વભાવ અને બંધભાવને જાુદા જાણીને સ્વભાવ તરફ વળે તો બંધનથી છૂટે; પણ જો સ્વભાવ તરફ ન વળે ને બંધના વિચારમાં જ રોકાઇ રહે–તો બંધનથી છૂટે નહિ. જે જીવ બંધભાવને અને આત્મસ્વભાવને ખરેખર જાુદા ઓળખે તે જીવ બંધથી પાછો ફરીને સ્વભાવ તરફ વળ્યા વગર રહે જ નહિ. જો એમ ન થાય તો તેણે ખરેખર બન્નેને જાુદા જાણ્યા જ નથી, ભેદજ્ઞાન કર્યું જ નથી.

જુઓ, આ નિશ્ચય મોક્ષમાર્ગની વાત છે, નિયમથી મોક્ષનો ઉપાય શું છે–તેની આ વાત છે. આત્મસ્વભાવને બંધનથી ભિન્ન જાણવો, ભિન્ન શ્રદ્ધવો ને ભિન્ન પરિણમવું–એવું જે દ્વિધાકરણ તે એક જ નિયમથી મોક્ષકારણ છે, બીજું કોઇ મોક્ષકારણ નથી.

હવે મુમુક્ષુ શિષ્ય પૂછે છે કે પ્રભો! આપે દ્વિધાકરણને જ મોક્ષનું કારણ કહ્યું,–તો તે દ્વિધાકરણનું સાધન શું? કયા સાધનથી આત્મા અને બંધને જુદા કરવા? એવું પૂછનાર શિષ્યને આચાર્યદેવ સાધન બતાવતાં કહે છે કેઃ આત્મા અને બંધને ભિન્ન કરવામાં ભગવતી પ્રજ્ઞા જ સાધન છે. કેમકે બીજા કોઇ ભિન્ન સાધનનો અભાવ છે–

**જીવ બંધ બંને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,**
**પ્રજ્ઞા છીણી થકી છેદતાં બંને જુદા પડી જાય છે. (૨૯૪)**

જુઓ, આ મોક્ષના ઉપાયની રીત. મોક્ષનું સાધન આત્માથી બહાર નથી. જે જીવ મુમુક્ષુ થઈને, શોધક થઈને આત્માના મોક્ષનું સાધન શોધે છે, તેની ઊંડી વિચારણા કરે છે, તેને આત્માના મોક્ષનું સાધન ક્યાંય બહાર નથી દેખાતું, પણ આત્મામાં જ મોક્ષનું સાધન છે, અને તે સાધન "પ્રજ્ઞા" છે. પ્રજ્ઞા એટલે આત્મા અને બંધ બંનેના સ્વલક્ષણોને ભિન્નભિન્ન ઓળખનારું જ્ઞાન; બંનેને ભિન્ન ઓળખીને તે જ્ઞાન, આત્મસ્વભાવમાં તો તન્મય થઈને પરિણમે છે ને રાગાદિ બંધભાવોથી જુદું થઈને પરિણમે છે. આવી જ્ઞાનપરિણતિરૂપ જે ભગવતીપ્રજ્ઞા તે જ મોક્ષનું સાધન છે.

જુઓ, આ મોક્ષના સાધનની મીમાંસા; મીમાંસા એટલે ઊંડી તપાસ; ઊંડી વિચારણા; રાગને કે બાહ્યક્રિયાને મોક્ષનું સાધન જેઓ માને છે તેઓ તો ઊંડી વિચારણા વગરના છે. અરે ભાઈ! તું જરાક વિચાર તો કર કે આત્માની શુદ્ધીનું સાધન અશુદ્ધતા કેમ હોય? આત્માની શુદ્ધીનું સાધન આત્માથી બહાર કેમ હોય? રાગ તો ઉદયભાવ છે ને મોક્ષ તો ક્ષાયકભાવ છે, તો ઉદયભાવ ક્ષાયકભાવનું સાધન કેમ થાય? જે મુમુક્ષુ થઈને મોક્ષના સાધનને શોધે-વિચારે તેને તો રાગમાં મોક્ષનું સાધન ભાસતું નથી, પણ રાગને આત્માથી જુદી પાડનારી જે પ્રજ્ઞા-ભગવતીપ્રજ્ઞા-તે જ મોક્ષનું સાધન અંતરંગમાં પ્રતિભાસે છે.

વ્યવહારકથન આવે ત્યાં પણ મુમુક્ષુ મુંઝાતો નથી કે આ પણ મોક્ષનું સાધન હશે! તે જાણે છે કે નિશ્ચયથી મોક્ષનું સાધન તે જ હોય કે જે મારા સ્વભાવથી અભિન્ન હોય. કેમકે નિશ્ચયથી ભિન્ન સાધનનો અભાવ છે. જેમ મોક્ષનો કર્તા આત્માથી ભિન્ન બીજો કોઈ નથી, તેમ તે મોક્ષનું કરણ (સાધન) પણ આત્માથી ખરેખર ભિન્ન નથી. પ્રજ્ઞા,-એટલે કે રાગથી જુદું પડીને અંતરમાં વળેલું જ્ઞાન, કે જે આત્માથી અભિન્ન છે તે જ મોક્ષનું ખરું સાધન છે. તે સાધનવડે જ આત્મા બંધનને છેદી શકે છે. આ સિવાય ભેદરૂપ જે વ્યવહાર સાધન તેના વડે ખરેખર બંધન છેદાતું નથી. તે વ્યવહારના આશ્રયમાં અટકવાથી તો રાગની ઉત્પત્તિ અને બંધન થાય છે. જેના આશ્રયે બંધન થાય તે પોતે મોક્ષનું સાધન કેમ થઈ શકે? -ન જ થાય. બંધને આત્માથી જુદું પાડનારું જ્ઞાન તે જ મોક્ષનું કારણ થાય છે. વ્યવહારના આશ્રયથી જેઓ મોક્ષનું સાધન માને છે-તેઓએ મોક્ષના સાધનની ખરી મીમાંસા કરી નથી, ઊંડો વિચાર કર્યો નથી, છીછરો-ઉપલકિયો વિચાર કર્યો છે, પણ શાસ્ત્રના મર્મ સુધી તેઓ પહોંચ્યા નથી. ભાઈ, સંતોનું હાર્દ અને શાસ્ત્રોનો મર્મ તો આ છે કે આત્માના મોક્ષનું સાધન આત્માના આશ્રયે જ હોય ને બીજાના આશ્રયે ન હોય.

રાગને જે મોક્ષનું સાધન માને છે તે રાગમાં જ મોક્ષનું સાધન શોધે છે; પણ રાગ તે બંધસાધન છે, તેમાં મોક્ષનું સાધન ક્યાંથી મળશે? રાગને મોક્ષનું સાધન માનનારો ખરેખર તે રાગને આત્મસ્વભાવથી અભિન્ન માને છે, તો જેને પોતાથી અભિન્ન માને તેનાથી પોતે જુદો કેમ પડે? અને રાગથી જે જુદો ન પડે તે મોક્ષ ક્યાંથી પામે? માટે હે ભાઈ, તું ઊંડી વિચારણા કરીને સાચા સાધનને શોધ. **પહેલી વાત એ છે કે કર્તાનું સાધન નિશ્ચયથી કર્તાથી જુદું ન હોય. મોક્ષનો કર્તા તું, -તો તારાથી જુદું સાધન ન હોય.** એ સાધન કયું છે? રાગાદિ બંધભાવોને સર્વે તરફથી છેદનારી ને સમસ્ત ચૈતન્યભાવને અંગીકાર કરનારી–એવી જે વીતરાગીજ્ઞાનપરિણતિ, ભગવતીપ્રજ્ઞા તે બંધને છેદવામાં તારું સાધન છે. તે સાધનવડે જ બંધનને છેદવાની ક્રિયા આત્મા કરે છે.

* શરીરમાં સાધનને શોધીશ મા.
* રાગમાં સાધનને શોધીશ મા.
* રાગમાં ભેળસેળવાળું જ્ઞાન તેમાં પણ સાધનને શોધીશ મા.
* શરીરથી પાર, રાગથી પાર, એવા ચૈતન્યભાવમાં જ તારા સાધનને શોધજે.
* શરીર તો ચેતન વગરનું છે, તેમાં મોક્ષસાધન નથી;
* રાગ પણ ચેતકસ્વભાવથી વિરુદ્ધભાવ છે; તેમાંય મોક્ષસાધન નથી.
* ઉપયોગસ્વરૂપ આત્માને સમસ્ત રાગાદિભાવોથી ભિન્ન જાણનારી જે પ્રજ્ઞા તે આત્મસ્વભાવથી અભિન્ન વર્તતી થકી, આત્માના મોક્ષનું સાધન થાય છે. માટે આવી પ્રજ્ઞાછીણીને અંતરમાં એકાગ્ર થઇને એવી રીતે પટકવી કે બંધભાવો આત્માથી અત્યંત છૂટા પડી જાય. આ 'પ્રજ્ઞા' ને ભગવતી કહીને આચાર્યદેવે તેનો મહિમા પ્રસિદ્ધ કર્યો છે.

આ ભગવતીપ્રજ્ઞાવડે આત્મા અને બંધ જરૂર જુદા પડે છે; આવું સાધન અંતરમાં કરે અને કાર્યસિદ્ધિ ન થાય–એમ બને નહિ. કોઇ કહે છે કે અમે ઘણા કાળથી અભ્યાસ કર્યો પણ કાંઇ કાર્યસિદ્ધિ તો ન થઇ;– તો આચાર્યદેવ કહે છે કે ભાઈ, સાચા સાધનને (ભગવતી પ્રજ્ઞારૂપ સાધનને) તેં જાણ્યું નથી, ને બીજાું સાધન તેં માન્યું છે. કેમ કે આ ભગવતીપ્રજ્ઞા તો એવું અમોઘ સાધન છે કે તેનાવડે બંધ અને આત્માની ભિન્નતા જરૂર થાય જ.

~ ~ ~

# * સ..... મ્ય.... ગ્દ.... ર્શ.... ન *

**સમ્યગ્દર્શન!** કેવું આહ્લાદકારી છે! –પોતાના જીવનનું એ મહાન કર્તવ્ય.. એનું નામ સાંભળતાંય આત્માર્થીને ભક્તિથી રોમાંચ ઉલ્લસે છે. ખરું જ છે,–પોતાની પ્રિય વસ્તુનું વર્ણન સાંભળીને કોને હર્ષ ન થાય! હજારો શાસ્ત્રોએ હજારો શ્લોકો વડે જેના અચિંત્ય મહિમાનું વર્ણન કર્યું છે એવા સમ્યગ્દર્શનની શી વાત!–એવું સમ્યગ્દર્શન સાક્ષાત્ જોવા મળે તો કેવી આનંદની વાત! આ કાળે ગુરુદેવના પ્રતાપે એવું સમ્યગ્દર્શન સાક્ષાત્ જોવા મળે છે. કેમ કે ભાવનિક્ષેપે સમ્યક્ત્વપરિણત જીવો તે પોતે જ સમ્યગ્દર્શન છે, એટલે એવા સમકિતી જીવોનું દર્શન તે સાક્ષાત્ સમ્યગ્દર્શનનું જ દર્શન છે; એમની ઉપાસના તે સમ્યગ્દર્શનની જ ઉપાસના છે; એમનું બહુમાન–વિનય –ભક્તિ તે સમ્યક્ત્વનું જ બહુમાન–વિનય–ભક્તિ છે. આપણા સૌભાગ્યે આપણને અત્યારે સમ્યક્ત્વના આરાધક જીવોની સત્સંગતિનો અને તેમની ઉપાસનાનો સુઅવસર સાંપડયો છે. પૂ. ગુરુદેવ ભવ્ય જીવોને સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજાવી રહ્યા છે; તેઓશ્રીની મંગલકારી ચરણછાયામાં રહીને સમ્યગ્દર્શનના પરમ મહિમાનું અને તેની પ્રાપ્તિના ઉપાયનું શ્રવણ–મંથન કરવું તે માનવજીવનની કૃતાર્થતા છે. ગુરુદેવ પોતાના કલ્યાણકારી ઉપદેશ વડે સમ્યગ્દર્શનનું જે સ્વરૂપ સમજાવી રહ્યા છે તેના જ એક અલ્પ અંશનો આ પુસ્તકમાં સંગ્રહ કર્યો છે.

સંસારમાં મનુષ્યપણું દુર્લભ છે. પરંતુ સમ્યગ્દર્શન તો એનાથીય દુર્લભ છે. મનુષ્યપણું પામીને પણ સમ્યક્ત્વહીન જીવ પાછો સંસારમાં જ રખડે છે...પરંતુ સમ્યગ્દર્શન એવી ચીજ છે કે એક ક્ષણ પણ તેની પ્રાપ્તિ કરનાર જીવ જરૂર મોક્ષ પામે છે. માટે, આવા સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો પ્રયત્ન કરવો તેજ આ દુર્લભ માનવ જીવનનું મહાકર્તવ્ય છે...અને તેને માટે જ્ઞાની ધર્માત્માઓનો સીધો સત્સમાગમ સૌથી મોટું સાધન છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરીને આ અસાર સંસારના જન્મ–મરણથી છૂટવું હોય...ને ફરીથી નવ માસ નવી માતાના પેટે પૂરાવું ન હોય તેઓ સત્સમાગમના સેવનપૂર્વક આત્મરસથી સમ્યગ્દર્શનનો અભ્યાસ કરો.

(સમ્યગ્દર્શન પુસ્તક ત્રીજું: નિવેદનમાંથી) [ સમ્યગ્દર્શન–પુસ્તક ત્રીજું, કિંમત રૂા. ૧/– ]

# મુમુક્ષુ મંડળોને સૂચના

શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટની પ્રચાર કમિટી તરફથી સૂચિત કરવામાં આવે છે કે દસલક્ષણીપર્યુષણ દરમિયાન જે જે ગામના મુમુક્ષુમંડળને કે જૈનસમાજને વાંચનકાર ભાઈની આવશ્યકતા હોય તેમણે સોનગઢ પ્રચાર કમિટિને તે સંબંધી તુરત સૂચના મોકલવી, જેથી તે સંબંધી યોગ્ય પ્રબંધ વખતસર કરી શકાય.

–પ્રચાર કમિટિ, જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌ.)

# અભિનંદન ગ્રંથ

અભિનંદનગ્રંથની સમાલોચના કરતાં "जैनमित्र" લખે છે કે–'सारांश કિ યહ અભિનંદનગ્રંથ સારે જૈન સમાજમેં અજોડ હૈ. શ્રી કાનજીસ્વામીને દક્ષિણ–ઉત્તરકી યાત્રાયેં બડે સંઘસહિત કી થી, ઉનકા ખુદ દેખા હુઆ સચિત્ર પરિચય અતીવ પઢને યોગ્ય હૈ! આપ કે ઉપદેશસે બને ૨૦–૨૨ મંદિરોં કે દશ્ય વ મૂર્તિયોંકે ચિત્ર ભી દિયે ગયે હૈ...

"શ્રી કાનજીસ્વામી કે પ્રવચન સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પદ્મનંદીપચ્ચીસી, ધવલગ્રંથ જયધવલગ્રંથ, સમાધિશતક, પરમાર્થવચનિકા, દ્વાદશાનુપ્રેક્ષા, નાટક સમયસાર, આત્માનુશાસન, સ્વયંભૂસ્તોત્ર, દ્રવ્યસંગ્રહ, ભરતેશવૈભવ, સુદૃષ્ટિ તરંગિણી, પંચાસ્તિકાય, અનુભવપ્રકાશ, નિયમસાર, ગોમટ્ટસાર, તત્ત્વાર્થ આદિ ગ્રંથરાજોં પર કિયે ગયે પ્રવચનોંકા સાર દિયા ગયા હૈ, તથા ૭૫ વર્ષકે ૭૫ સન્દેશ ભી દિયે ગયે હૈ. હમ તો કહતે હૈ કિ અભિનન્દન–ગ્રંથ જૈન સમાજમેં કઈ પ્રગટ હુએ હૈ લેકિન યહ અભિનંદન–ગ્રંથ અનેક પ્રકારસે એક ઉત્તમ પ્રકાશન હૈ–જો પ્રત્યેક જૈન–અજૈન બંધુકો પઢને મનન કરને વ સંગ્રહ કરને યોગ્ય હૈ." (जैनमित्र" માંથી સાભાર.)

**આ ગ્રંથ મુંબઈ તેમજ સોનગઢથી મળશે. કિં. રૂા. ૬/-**

**પોસ્ટેજ રૂા. ૨-૭૫, પ્લાસ્ટિકના પૂંઠા સહિત રૂા. ૧/- વધુ**

**સૂચનાઃ-** જેમણે મુંબઈમાં અગાઉથી રૂા. ૬/– ભર્યા હોય તેમણે પોતાનું પુસ્તક મુંબઈ અગર સોનગઢથી મેળવી લેવું. અને જો પોસ્ટથી મંગાવવા ઇચ્છા હોય તો, રૂા. ભર્યા છે તેની સૂચના સાથે પૂરું સરનામું અને પોસ્ટેજ ખર્ચના રૂા. ૨–૭૫ મોકલવા.

**શ્રી જૈન સ્વાધ્યાય મંદિર**
**સોનગઢ-સૌરાષ્ટ્ર**

**શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ**
**૧૭૩-૧૭૫ મુમ્બાદેવી રોડ**
**મુંબઈ-૨**

# લેખકો અને પ્રકાશકોને સૂચના

‘આત્મધર્મ’ માસિકમાં પ્રસિદ્ધ થતી પરમપૂજ્ય ગુરુદેવની વાણી સર્વ જિજ્ઞાસુઓને ખુબ જ પ્રિય લાગે છે અને અ સંબંધી બહુમાન અને પ્રશંસાની લાગણી વ્યકત કરતા અનેક પ